આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# વાપી મનપાએ પખવાડિયામાં જ 52 રૂમો - 44 ફ્લેટોને તાળા મારી ઘરવેરાના રૂા. 2.26 કરોડ વસૂલ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી મહાનગરપાલિકા દ્વારા માર્ચ મહિનામાં માત્ર ૧૫ દિવસમાં જ ૨.૨૬ કરોડની વસુલાત કરાય સાથે ૫૨ રૂમો તેમજ ૪૪ ફ્લેટને તાળા મારી દેવાતા બાકીદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે

વાપી મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાની વસુલાત માટે નોટિસ આપવાની અને સીલીંગની કાર્યવાહી કરવામાં આવતા વેરો ભરવા બાબતે મિલકત ધારકોમાં જાગૃતિ જોવા મળી રહી છે. આગામી ૧ એપ્રિલથી બાકી વેરાની તમામ રકમ ઉપર ૧૨ ટકા વ્યાજ લાગી જવાનું હોવાથી માર્ચ માસના ૧૫ દિવસમાં ૩૫૧૨ મિલકત ધારકોએ પોતાનો બાકી વેરો ભરી





દીધો છે. જેથી રૂ.૨.૨૬ કરોડની આવક થઈ છે. અને અત્યાર સુધીમાં ૨૦૨૫-૨૬ ની કુલ રૂ.૪૧ કરોડની વસૂલાત થઈ છે. ઘરવેરા વિભાગની ટીમોએ વિવિધ વિસ્તારોમાં સર્વે કરી વર્ષોથી વેરો ન ભરતા બાકીદારોની રહેણાંક મિલકતો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે. ડુંગરામાં શાંતિ એન્કલેવમાં ૧૮ ફ્લેટ, સાઈકૃપા એપાર્ટમેન્ટમાં ૮ ફ્લેટ, સાગર સંગીતામાં ૧૨ ફ્લેટ, વાપીમાં એકતા રોયલમાં ૨ ફ્લેટ ચલામાં હિન્દુસ્તાન લીવર સોસાયટીના ૪ બંગલા મળી ૪૪ રહેણાંક મિલકતોને સીલ મારવામાં આવ્યા છે. આ ઉપરાંત છાંગુર ચૌહાણની ચાલીની ૧૩ રૂમ, મંજુલાબેનની ૫ રૂમ, આદીતનાથ યાદવની ૭ રૂમ વગેરે મળી ૫૨ રૂમોને તાળા મારીને રૂપિયા રૂ.૩.૨૦ લાખની વસૂલાત કરવામાં આવી હતી. હાલમાં બાકી રહેલા કરદાતાઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. જે કરદાતાઓ છેલ્લી નોટિસ બાદ પણ વેરો ભરશે નહિ તેમની મિલકતોની જપ્તી બાદ હવે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મહાનગરપાલિકાની ટીમ હાલમાં દરેક વિસ્તારમાં સક્રિય છે અને બાકીદારો સામેની ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનશે. મિલકત ધારકોને વ્યાજ, દંડ અને સીલીંગ જેવી કાયદેસરની કાર્યવાહીથી બચવા માટે સમયસર પોતાનો બાકી વેરો ભરવા માટે ઘરવેરા વિભાગની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## પ્લાસ્ટીકના દાણાંના ભાવમાં ઉછાળો : ઝભલાં થેલીઓ અને પેકેજ્ડ વોટરના ભાવમાં ભડકો

# દમણના પ્લાસ્ટીક ઉદ્યોગને ઈરાન યુદ્ધની અસર





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૭ :** નાના વેપારીઓ મુશ્કેલીમાંવિશ્વ સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને ખાસ કરીને ઈરાન સહિતના ગલ્ફ દેશોની તંગદિલીની સીધી અસર હવે સ્થાનિક બજારો પર વર્તાવા લાગી છે. દૈનિક વ્યવહારમાં વપરાતી પ્લાસ્ટિકની નાની ઝભલા થેલી અને પ્લાસ્ટિકના પેકેજિંગના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. મૂળભૂત રીતે પ્લાસ્ટિકની માલસામાન તૈયાર કરવા માટેનું મુખ્ય રો-મટીરિયલ એટલે કે પ્લાસ્ટિકના દાણા ગલ્ફના દેશોમાંથી આયાત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી અસ્થિરતાને કારણે આ પ્લાસ્ટિકના દાણા, જે અગાઉ ૧૧૦ રૂપિયે કિલો મળતા હતા, તેનો ભાવ ઉછળીને સીધો ૧૮૦ રૂપિયા પર પહોંચી ગયો છે. કાચા માલના ભાવમાં થયેલા આ અધધ વધારાને પગલે પ્લાસ્ટિકની તમામ ચીજવસ્તુઓના ઉત્પાદન ખર્ચમાં ઉછાળો આવ્યો છે, જેનો સીધો બોજ હવે વેપારીઓ અને અંતે ગ્રાહકો પર પડી રહ્યો છે. આ કાચા માલના ભાવવધારાને કારણે બજારમાં મળતી પ્લાસ્ટિકની નાની ઝભલા થેલીનો ભાવ, જે પહેલા ૧૨૦ રૂપિયા હતો, તે સીધો ૧૬૦ થી ૧૮૦ રૂપિયા આસપાસ પહોંચી ગયો છે. એટલું જ નહીં, પ્લાસ્ટિકની બોટલોમાં આવતા સીલ પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના ભાવમાં પણ આ જ કારણોસર વધારો નોંધાયો છે. પાણીની બોટલના બોક્સ દીઠ ૨૦ રૂપિયા જેટલો ભાવ વધ્યો છે. દમણ પ્રશાસન દ્વારા પર્યાવરણની જાળવણીના ભાગરૂપે ૧૨૦ માઈક્રોનથી પાતળી પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગ પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્થાનિક દુકાનદારો સરકારી નિયમોનું પાલન કરીને ૨૦૦ માઈક્રોનની જાડી થેલીઓનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ, આ જાડી થેલીઓ પાછળ થતો ખર્ચ હવે અસહ્ય બની રહ્યો છે. ટામેટાં કે શિંગદાણા જેવી રોજિંદી વસ્તુઓ આપવા માટે પણ આ મોંઘી થેલીઓ વાપરવી પડતી હોવાથી દમણના નાના વેપારીઓ, લારી ધારકો અને શાકભાજી વેચતા વિક્રેતાઓ ભારે આર્થિક ભીંસમાં મુકાયા છે. તેઓને હવે માત્ર ગ્રાહકોને સામાન આપવા માટે વપરાતી ઝભલા થેલીઓ પાછળ ૬૦ થી ૮૦ રૂપિયા વધારે ચૂકવવાની નોબત આવી છે, જે તેમના રોજના નજીવા નફા પર મોટો ફટકો મારી રહી છે.

## શહિદ ચોકથી પિપરિયા ઓવરબ્રિજ સુધીમાં અંધેરી નગરીનો અહેસાસ

# સેલવાસમાં અધૂરા કામ અને બંધ સ્ટ્રીટલાઈટથી હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** શહેરના શહિદ ચોકથી પિપરીયા ઓવરબ્રિજ સુધી સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટ પર ખર્ચ થયા બાદ પણ પરિસ્થિતિ 'અંધેર નગરી' જેવી દેખાઈ રહી છે. મહિનાઓ પહેલા લાઈટો લગાવવામાં આવી હોવા છતાં આજ સુધી તેને શરૂ કરવામાં આવી નથી, જેના કારણે આખો માર્ગ રાત્રે અંધકારમાં રહે છે.

રસ્તા પર હજુ પણ જૂના સ્ટ્રીટ લાઈટના થાંભલા દેખાઈ રહ્યા છે, જે કામ અધૂરું હોવાનો પુરાવો આપે છે. બીજી તરફ, ડિવાઈડર પર થનારી વૃક્ષારોપણ કામગીરી



પણ હજુ સુધી પૂર્ણ થઈ નથી, જેના કારણે માર્ગની સુંદરતા પર અસર પડી રહી છે.

એક સ્થાનિક નાગરિકે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે વિકાસ કામોમાં સમય લાગવો સ્વાભાવિક છે, પરંતુ વર્ષો સુધી કામ અધૂરું રહેવું કોઈ પણ રીતે સ્વીકાર્ય નથી. તેમણે ટિપ્પણી કરતા જણાવ્યું કે આ પરિસ્થિતિ અમૃત કાળના દાવાઓ સાથે મેળ ખાતી નથી.

નાગરિકોએ જણાવ્યું કે અંધકાર અને અધૂરા કામને કારણે અકસ્માતનો ખતરો વધી રહ્યો છે. લોકો દ્વારા તાત્કાલિક સ્ટ્રીટ લાઈટ શરૂ કરવા, જૂના થાંભલા દૂર કરવા અને બાકી રહેલા કામ ઝડપથી પૂર્ણ કરવા માંગ કરવામાં આવી છે.

**Need a Loan?**
**Free Loan Consultation**
☑ Personal Loan ☑ Business Loan
☑ Home Loan ☑ Vehicle Loan
☑ Loan Transfer ☑ Overdraft & CC
■ Quick Approval ■ Low Documents
■ Multiple Banks & NBFCs
**Call Dhaval Bhatt**
**9727745004**

# એસબીપીપી બેંકમાં બોર્ડની મુદત પૂરી થતાં કસ્ટોડિયનની નિમણુંક

## બેંકના કામકાજને કોઈ અસર નહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** એસબીપીપી બેંક માં ડિરેક્ટર બોર્ડ ની મુદત પૂરી થતાં રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગાંધીનગર તરફ થી બેંકમાં કસ્ટોડિયન ની નિમણુંક કરવામાં આવી છે. કસ્ટોડિયન તરીકે રાજેશભાઈ ગિરધરલાલ રાણા ની નિમણુંક કરવામાં આવેલ છે. તેઓ બેંક ઓફ બરોડા માં ૩૮ વર્ષ નો બેન્કિંગ અનુભવ ધરાવે છે અને બેન્કિંગ ક્ષેત્રે ખૂબ જ સિનિયર મેનેજર તરીકે પણ વિશેષ અનુભવ ધરાવે છે. તેઓ સામાજિક ક્ષેત્રે પણ ખૂબ જ સક્રિય છે. ખાસ જણાવવાનું કે તા.૧૪-૦૩-૨૦૨૬ ના રોજ હાલ ની ડી. બોર્ડ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ ની મુદત પૂરી થતાં બેંક નું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલે તે માટે યોગ્ય કસ્ટોડિયન તરીકે રાજેશભાઈની નિમણુંક કરવામાં આવેલ છે. રાજેશભાઈ જોકે પહેલા બેંકની બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન રહી ચૂક્યા છે. આ સાથે જ હાલની ડી. બોર્ડ ની મુદત વધશે કે કેમ તેની અટકળોનો અંત આવ્યો હતો. જો કે સુત્રોના જણાવ્યા મુજબ એસબીપીપી બેંક સીધા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાબા હેઠળ કામ કરતી હોવા થી ડી. બોર્ડ કે બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના સભ્યો ની અનુપસ્થિતિ ને કારણે બેંક ના કામકાજ પર અસર પડશે નહીં અને બેન્ક પોતાના ગ્રાહકો અને સભાસદોના હિત માં કામ કરવાનું ચાલુ રાખશે.

હાલ બેંક નો કુલ બિઝનેસ લગભગ ૧૮૭૦ કરોડ ની આસપાસ થઈ ગયેલ છે અને બેંકે RBI ગાઈડ લાઈન મુજબ બધા રિઝર્વ ફંડ create કરી ને પણ છેલ્લા બે વર્ષથી સભાસદો ને મહત્તમ ૨૦ ટકા ડિવિડન્ડ આપવાનું ચાલુ રાખ્યું છે.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

# વાપીમાં આગામી ધાર્મિક તહેવારોના સંદર્ભમાં શાંતિસમિતિની બેઠક યોજાઈ

## રામનવમીની શોભાયાત્રામાં ધાર્મિક સ્થળોની આસપાસ સંયમ અને સૌહાર્દ જાળવવા ડીએસપીનો અનુરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીમાં જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક મળી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આગામી તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે જાણકારી આપવામાં આવી હતી.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા અને વાપી વિભાગના ડીવાયએસપી બી એન દવેની અધ્યક્ષતામાં ચણોદ ખાતે આવેલ રાજસ્થાન ભવનમાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત રહેલા હિંદુ મુસ્લિમ તેમજ વિવિધ સમાજના આગેવાનોને જિલ્લા પોલીસવડા દ્વારા જણાવાયું છે કે, અગામી દિવસોમાં આવી રહેલા રામનવમી હનુમાન જયંતિ રમજાન ઈદ તેમજ ચેટીચાંદ જેવા તહેવારોને લઈ વાપી પથકમાં શાંતિનો માહોલ બની રહે જે અંગે આગેવાનોને સૂચનો આપવામાં આવ્યા અને જણાવ્યું હતું કે, રામનવમી નિમિત્તે ડુંગરા અને છીરીથી નીકળતા શોભાયાત્રા દરમિયાન કોઈ પણ આગેવાન કે યુવાનોએ અભદ્ર ભાષાના ગીત તેમજ





ધાર્મિક લાગણી કોઈની ન દુભઈ તેની ખાસ કાળજી રાખવા જણાવ્યું હતું તેમજ જ્યાં ધાર્મિક સ્થળો આવેલા હોય છે ત્યાં નારે બાજી કે, બાઈક ચાલકો દ્વારા કોઈપણ જાતની સ્ટંટ બાજી ન કરવામાં આવે તેની ખાસ કાળજી રાખવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં વલસાડ જિલ્લા એલસીબી પીઆઈ એસઓજીપીઆઈ વાપી ટાઉનના પી.આઈ કે જે રાઠોડ તેમજ ઉદ્યોગ નગર અને ડુંગરાના પીઆઈ સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

**જોઈએ છે**
**રિસેપ્શનિસ્ટ (મહિલા)**
**ઈન્ફિનિટી ઈમેજિંગ સેન્ટર, વાપી** ખાતે
રિસેપ્શનિસ્ટ (મહિલા) જોઈએ છે
**રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરો**
**Contact : 6354811357, 9727724257**
જી-૧ ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી

## સમગ્ર વિસ્તારના શિક્ષણપ્રેમી લોકો માટે ગૌરવપૂર્ણ ક્ષણ...

# બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલને CBSE માન્યતા, હવે રાષ્ટ્રીય સ્તરનાં શિક્ષણયાત્રાનો પ્રારંભ કરાયો

**બીલીમોરા, તા.૧૭**

ગણદેવી તાલુકા તથા બીલીમોરા આસપાસના વિસ્તાર માટે આનંદ અને ગર્વની લાગણી જગાવનાર મહત્વપૂર્ણ ઘટના રૂપે બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલને Central Board of Secondary Education (CBSE) તરફથી સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ છે. આ માન્યતા સાથે શાળા હવે રાષ્ટ્રીય સ્તરના શિક્ષણ માળખા સાથે જોડાઈ ગઈ છે, જે વિદ્યાર્થીઓ માટે નવી તકોના દ્વાર ખોલે છે.

કોરોના જેવી વૈશ્વિક મહામારીની પડકારજનક પરિસ્થિતિ વચ્ચે શરૂ થયેલી આ શાળાએ શરૂઆતથી જ સંકલ્પ, સંઘર્ષ અને સમર્પણના બળ પર આગવું સ્થાન મેળવ્યું છે. મુશ્કેલ સમયમાં પણ શિક્ષણને સતત રાખવાની સાથે શાળાએ નવીન અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ પદ્ધતિઓ અપનાવી, વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડ્યું હતું. આજે તે જ પ્રયત્નોનું ફળ રૂપે શાળાને CBSE જેવી પ્રતિષ્ઠિત સંસ્થાની માન્યતા પ્રાપ્ત થઈ છે.

શાળાએ શરૂઆતથી જ "શિક્ષણ સાથે સંસ્કાર"ના મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખીને કાર્ય કર્યું છે. અનુભવી અને પ્રતિબદ્ધ શિક્ષકવર્ગ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લર્નિંગ અને વિદ્યાર્થીકેન્દ્રિત



અભિગમના કારણે શાળા ટૂંકા સમયમાં જ વાલીઓમાં વિશ્વાસનું મજબૂત કેન્દ્ર બની છે. શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતું ન રહે, પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં શાળા સતત પ્રયત્નશીલ રહી છે. CBSE કરિક્યુલમ સાથે જોડાવાથી હવે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક માહોલમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શન કરવાની વધુ તકો મળશે. ખાસ કરીને NEET અને JEE જેવી પ્રતિષ્ઠિત પ્રવેશ પરીક્ષાઓ માટે મજબૂત શૈક્ષણિક આધાર તૈયાર થશે. વૈજ્ઞાનિક અભિગમ, તર્કશક્તિ, નવીન વિચારધારા અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂકાતાં વિદ્યાર્થીઓ ભવિષ્યમાં વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકશે.

શાળાની ટૅગલાઈન "Unlock Your Ability" મુજબ, દરેક વિદ્યાર્થીની અંદર રહેલી વિશેષ ક્ષમતાને ઓળખી તેને વિકસાવવાનો સંકલ્પ શાળા સતત નિભાવી રહી છે. અભ્યાસ સાથે સાથે સહપાઠ્ય પ્રવૃત્તિઓ, નેતૃત્વ વિકાસ, સંસ્કાર શિક્ષણ અને સામાજિક જવાબદારી જેવા પાસાઓ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

આ સિદ્ધિ શાળા મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, શિક્ષકવર્ગ અને સ્ટાફના અવિરત પરિશ્રમનું પરિણામ છે. સાથે જ વાલીઓના અડગ વિશ્વાસ અને વિદ્યાર્થીઓની મહેનત પણ આ સફળતામાં સમાન ભાગીદાર છે. સમગ્ર ગણદેવી તાલુકા માટે આ એક ગૌરવની બાબત બની છે, કારણ કે હવે સ્થાનિક સ્તરે જ રાષ્ટ્રીય ધોરણનું શિક્ષણ ઉપલબ્ધ બનશે. બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલ હવે CBSE સાથે શિક્ષણના નવા અધ્યાયમાં પ્રવેશી રહી છે, જ્યાં ગુણવત્તા, સંસ્કાર અને પ્રગતિનો સુંદર સમન્વય કરી ભવિષ્યના જવાબદાર અને સજાગ નાગરિકોને ઘડવાનો સંકલ્પ વધુ મજબૂતી સાથે આગળ વધશે.

VIMAL POWERS
V-GUARD



ઠંડી હોય કે ગરમી
ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો
**V- GUARD**
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount — Till 31st March
FREE Textbooks — From Nursery to Std 10
Special Concession — On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# સ્થાનિક સમાચારો

## ગણદેવીના સેવાસેતુમાં ૧૪૦૯ નગરજનોએ વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૭ :** રાજ્ય સરકારની લોકહિતકારી યોજના અંતર્ગત ગણદેવી નગરપાલિકા નજીક ફાયર હોલમાં ૧૧માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. નગરજનોએ વિવિધ સરકારી વિભાગોની સેવાઓનો લાભ લીધો હતો. બે દિવસમાં કુલ ૧૪૦૯ જેટલી અરજીઓ અને પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

ગણદેવી નગરપાલિકાના આંગણે યોજાયેલા દ્વિ-દિવસીય સેવાસેતુમાં નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દરમિયાન રેશનકાર્ડ ઈ-કેવાયસી, હેલ્થ વેલનેસ કાર્ડ સાથે ડાયાબિટીસ અને બી.પી. ચકાસણી, પ્રોપર્ટી ટેક્ષ, આવકના દાખલા, વિધવા સહાય અરજીઓ, જન્મ-મરણ પ્રમાણપત્ર, આધારકાર્ડ સુધારા, પીએમજેવાય



યોજના હેઠળની અરજીઓ, જાતિ પ્રમાણપત્ર, વારસાઈ અરજીઓ, રેશનકાર્ડમાં નામ દાખલ, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આધાર નોંધણી, નવા બેંક એકાઉન્ટ તથા લગ્ન નોંધણી સહિત મામલતદાર કચેરીના વિવિધ દાખલાઓ માટેની ૧૪૦૯ અરજીઓ સ્વીકારીને સ્થળ પર જ કાર્યવાહી કરવામાં આવી હતી. સેવાસેતુ કેમ્પમાં કોઈપણ પ્રકારના વચેટિયા વિના નગરજનોને એક જ સ્થળે વિવિધ સરકારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ઘણી અરજીઓનું તાત્કાલિક નિરાકરણ કરીને લાભાર્થીઓને જરૂરી પ્રમાણપત્રો પણ સ્થળ પર જ વિતરણ કરવામાં આવ્યા હતા.

## બીલીમોરામાં ૪ વર્ષીય ઝરીન રહેબર રંગપરિયાએ રોજો રાખ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૭ :** પવિત્ર રમજાન માસમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રોજા રાખી અલ્લાહની બંદગી કરવામાં આવે છે. બીલીમોરા હોર્મઝદ બાગમાં રહેતી અને કેબી પટેલ નર્સરીમાં અભ્યાસ કરતી ઝરીન રહેબર રંગપરિયા (૪) એ કાળઝાળ ગરમીના દિવસોમાં આખો દિવસ અન્નજળથી દૂર રહી નમાજ પઢી અલ્લાહની



બંદગી કરી હતી. જે માટે ઘર પરિવાર અને સમાજ અગ્રણીઓએ મુબારકબાદી પાઠવી હતી.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૩૮૮/૨૦૨૫

**અરજદાર : પાંડુભાઈ દેવુભાઈ વાઘાત**
ઉ.વ.અ.૫૨, ધંધો-મજુરી રહે. ખતલવાડા, બાવરી ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વકીલ શ્રી. કે.એ. ભોયા)
વિરુધ્ધ
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, ખતલવાડા**
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પાંડુભાઈ દેવુભાઈ વાઘાત** રહે. ખતલવાડા, બાવરી ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. દેવાયબેન દેવુભાઈ વાઘાતનું** મરણ તા.૧૮-૦૨-૨૦૦૧ના રોજ મોજે - ખતલવાડા, બાવરી ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૮૮/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૯૩/૨૦૨૫

**અરજદાર : કમાબેન બાલુભાઈ દુબળા**
રહે. દેહરી, તા.ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. શૈલેષ જી. દુબળા)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દેહરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કમાબેન બાલુભાઈ દુબળા** રહે. દેહરી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **શુક્કરભાઈ કરશનભાઈ દુબળાનું** મરણ તા.૧૨-૦૭-૧૯૭૯ના રોજ મોજે - દેહરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૯૩/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૫૦/૨૦૨૫

**અરજદાર : સુરેશભાઈ જાન્યાભાઈ ચુંભાટીયા**
ઉ.વ.આ. ૪૬, ધંધો-ખેતી, રહે. અંકલાસ
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, અંકલાસ**
**ગ્રામ પંચાયત કચેરી, અંકલાસ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ-મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશભાઈ જાન્યાભાઈ ચુંભાટીયા** રહે. અંકલાસ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **સ્વ. જાન્યાભાઈ દેવલાભાઈ ચુંભાટીયાનું** મરણ તા.૧૬-૦૫-૧૯૯૬ના રોજ મોજે - અંકલાસ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૫૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૩૭૨/૨૦૨૫

**અરજદાર : ચીમનભાઈ લાડકાભાઈ અસાલિયા**
રહે. માલખેત, અસાલિયા ફળિયા, પો.માણેકપુર,
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, ખતલવાડા/માલખેત**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચીમનભાઈ લાડકાભાઈ અસાલિયા** રહે. માલખેત, અસાલિયા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **જીજ્ઞેશભાઈ ચીમનભાઈ અસાલિયાનું** જન્મ/મરણ તા.૦૬-૧૨-૧૯૯૩ના રોજ મોજે - ખતલવાડા, માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૭૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૯૪/૨૦૨૫

**અરજદાર : કમાબેન બાલુભાઈ દુબળા**
રહે. દેહરી, તા.ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. શૈલેષ જી. દુબળા)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, દેહરી**
**ગ્રામ પંચાયત કચેરી, દેહરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કમાબેન બાલુભાઈ દુબળા** રહે. દેહરી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના જેઠ **વિષ્ણુભાઈ શુક્કરભાઈ દુબળાનું** મરણ તા.૦૨-૦૮-૧૯૮૨ના રોજ મોજે - દેહરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૯૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૭૪/૨૦૨૫

**અરજદાર : અંબીબેન નટુભાઈ વારલી**
ઉ.વ.આ.૪૪, ધંધો-ઘરકામ, રહે. માણેકપુર, પાનગા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત- ૩૯૬ ૧૨૦
આધાર નં.૭૦૦૩૮૨૮૮૬૫૪૧ (વ.શ્રી. સી.આર. દુબળા)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, માણેકપુર**
**ગ્રામ પંચાયત, માણેકપુર**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અંબીબેન નટુભાઈ વારલી** રહે. માણેકપુર, પાનગા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમની પુત્રી **તારાબેન નટુભાઈ વારલીનો** જન્મ તા.૧૩-૦૨-૨૦૦૬ના રોજ મોજે - માણેકપુર, પાનગા ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૭૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

## -:: જાહેર ચેતવણી કમ જાહેર નોટીશ ::-

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાહેર ચેતવણી કમ જાહેર નોટીસથી જણાવવાનું કે :- વલસાડ ડીસ્ટ્રીક્ટની સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાના મોજે : ગોવાડા ગામે આવેલ ખેડખાતાની જુનો ખાતા નં.૩૧ (નવો ખાતા નંબર : ૧૩૧)માં આવેલ..

| સર્વે નંબર | નવો સર્વે નંબર |
|---|---|
| ૧૫૦/૨/પૈકી૧ | ૯૨૩ |
| ૧૫૦/૨/પૈકી | ૯૯૭ |
| ૧૩/૧/પૈકી૫ | ૯૫૭ |

ઉપરોક્ત મીલકતમાં હમો જાહેર નોટીશ અમારા અસીલના મરહુમ વડીલ મરહુમ હીરા ગોવન, મરહુમ દેવલીબેન ગોવનભાઈ તે ગોવિંદભાઈ સુરતીની પત્નિ, મરહુમ રામાભાઈ ફકીર (નીસંતાન અવશાન) તથા મરહુમ હરી ફકીરના કાયદેસરના વણવહેંચાયેલ હક્ક, હિસ્સા ચાલી આવેલ છે. અને તેમના અવસાન બાદ હમારા અસીલનાઓના પણ વણવહેંચાયેલ હક્ક, હીસ્સા ચાલી આવેલ છે. હવે સદર જમીનમાં રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૬ની હક્કપત્રક નોંધમાં અમારા અસીલોના વડીલોના નામો ચાલી આતવેલ છે. પરંતુ ૭/૧૨ના ઉતારામા હમારા અસીલોના નામ હાલે ચાલી આવેલ ન હોય અને જેનો ગેરલાભ લઈ હાલે સદર જમીન હમારા અસીલોના અન્ય સહ ખાતેદારો તેમની જાણ બહાર અન્ય ત્રાહીત ઈસમો, સંસ્થા કે, પાર્ટનરશીપ ફર્મ કે કંપનીને વેચાણ આપવાની તજવીજ હાથ ધરી રહેલાનું અમારા અસીલની જાણમાં આવેલ છે. સદર જમીન બાબતે રેવન્યુ પ્રકરણો ચાલે છે. જે નોટીશ વાળી મીલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો તથા સુખાધીકારો સહીતવાળી મીલકત હમારા અસીલ ૧) દિનેશ હિરાલાલ માહ્યાવંશી, ૨) ભાનુમતી હિરાભાઈ તે દશરથભાઈની પત્નિ, ૩) બાબુભાઈ હિરાભાઈ માહ્યાવંશી, ૪) ઈશ્વરભાઈ ગોવિંદ સુરતી તથા ૫) રંજનાબેન પ્રકાશભાઈ ગોવિંદ સુરતીની વિધવા, ૬) પ્રવીણ ગોવિંદ સુરતી, ૭) વનીતાબેન રમેશભાઈ, ૮) નર્મદાબેન હનુમત જગતાપ તથા અન્ય સહ વારસોનાઓના કબજા ભોગવટાની ચાલી આવેલ છે. તેજ રીતે નજીકના ભવિષ્યમાં સહમિલકત બાબતે હમારા અસીલો તેમના સદર જમીન પરના ચાલી આવેલ કાયદેસર માલિકી હક્ક તથાના કબજો ભોગવટો છીનવી ન લે તે માટે મે. ઉમરગામના સીવીલ જજ સાહેબની કોર્ટમાં દાવો પણ જાથુકની મનાઈ સાથે દાખલ કરવાના છે. આમ સદર મીલકતના સીવીલ અને રેવન્યુ પ્રકરણો પણ ચાલે છે. જેથી ઉપરોક્ત સર્વે નંબરોવાળી જમીનમાં કોઈએ ટ્રેસ પાસ કરવું નહી તેમજ તે અંગે હમારા અસીલની સહી સમંતી વગર કોઈએ પણ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી કે સદર મીલકત અંગે કોઈપણ કાર્યવાહી કરવી નહી જો કરશે તો તેમને સદર મીલકતનું ટાઈટલ ક્લીયર મળશે નહી અને ખોટા લીટીગેશનોમાં ઉતરવું પડશે અને તે અંગેના તમામ પ્રકારના ગંભીર પરીણામોની તથા નુકસાનોની તમામ જવાબદારી તેમની પોતાની રહેશે, જેની જાહેર જનતાએ તથા તમામે નોંધ લેવી.

મારી સુચનાથી

**સહી/-**
**૧. દિનેશ હિરાલાલ માહ્યાવંશી ૨. ભાનુમતી હિરાભાઈ તે દશરથભાઈની પત્નિ ૩. બાબુભાઈ હિરાભાઈ માહ્યાવંશી ૪. ઈશ્વરભાઈ ગોવિંદ સુરતી તતા ૫. રંજનાબેન પ્રકાશભાઈ ગોવિંદ સુરતીની વિધવા ૬. પ્રવીણ ગોવિંદ સુરતી ૭. વનીતાબેન રમેશભાઈ ૮. નર્મદાબેન હનુમત જગતાપ**
**મો.૯૯૭૯૩૯૨૯૭૨**

**સહી/-**
**એચ.એમ. પટેલ**
**(એડવોકેટ)**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

PWD CIVIL DIVISION NO.III (DP)
NOTICE INVITING TENDER
Rewinding and repairing of Motors installed in Water Treatment Plants in DNH area for the year 2025-26 (4th call)

| | |
|---|---|
| Tender No. | 49 OF 2025-2026 |
| Tender ID No. | 2026_UTDNH_7954_1 |
| On line downloading start of tender documents | 16/03/2026 17:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/ Upload Bid | 27/03/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 27/03/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 27/03/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan
dnhtenders.gov.in
eeirridnh@gmail.com
0260-2642949

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/65 Dt.16/03/2026

**NO.:IP/DMN/2/5/2025-26/1235 DATED : 17/03/2026**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૬૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૩/૦૩/૨૦૨૬**

**વાદી : શ્રી, ડાહ્યાભાઈ પોચાભાઈ પટેલ**
રહે. ઘેજ, ભરડા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ઘેજ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ડાહ્યાભાઈ પોચાભાઈ પટેલ**, રહે. ઘેજ, ભરડા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો પિતાશ્રી **સ્વ. પોચાભાઈ નારણજીભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૩/૧૯૭૬ના રોજ મોજે. ઘેજ, તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૫૧/૨૦૨૪

**અરજદાર : અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા**
રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વકીલ શ્રી. રાજેશ આર. વારલી)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી માલખેત/ખતલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા** રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **સ્વ. વનસાભાઈ નથીયાભાઈ વાઢિયાનું** મરણ તા.૨૦-૦૨-૧૯૮૫ના રોજ મોજે - માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૫૧/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૫૦/૨૦૨૪

**અરજદાર : અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા**
રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વકીલ શ્રી. રાજેશ આર. વારલી)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી માલખેત/ખતલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા** રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની **સ્વ. જાનુબેન દેવીયાભાઈ અસાલીયાનું** મરણ તા.૨૮-૦૭-૧૯૯૫ના રોજ મોજે - માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૫૦/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૪૯/૨૦૨૪

**અરજદાર : અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા**
રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ (વકીલ શ્રી. રાજેશ આર. વારલી)
વિરુધ્ધ
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી માલખેત/ખતલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અરવિંદભાઈ વનસાભાઈ વાઢિયા** રહે. માલખેત, ઘોઘલીયા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મોટાભાઈ **સ્વ. રામજીભાઈ વનસાભાઈ વાઢિયાનું** મરણ તા.૦૧-૧૨-૧૯૯૩ના રોજ મોજે - માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૯/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૮-૦૩-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ફાગણ, અમાસ **સૂર્યોદય :** ૦૬ : ૪૯ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૬, **ચંદ્રોદય** - ૦૬:૦૮ **ચંદ્રાસ્ત** - ૦૬:૧૬ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - પૂર્વભાદ્રપદ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે રાત્રે તમારા જીવનસાથી સાથે મુક્ત સમય ગાળતાં વખતે, તમને લાગે છે કે તમારે તેમને વધુ સમય આપવો જોઈએ.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમે ઓછુ કામ હોવાના કારણે નવરાશની લહેજત માણવાના છો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે તમારે ખાસ કરીને વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**કર્ક(ડ.હ) :** આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો?

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે.

**તુલા (ર.ત.) :** આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે.

**મકર(જ.ખ) :** પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજથી તમારે પોતાના માટે પૈસા બચવાનો વિચાર પર અમલ કરવાનો સમય આવી ગયો છે.

**કુંભ(દ.ચ.ઝ.થ) :** આજે આખો દિવસ તમારો મિજાજ સારો રહેશે. વધારે વાતો કરવા થી તમને આજે માથા નો દુખાવો થઈ શકે છે. તો જેટલી જરૂર હોય તેટલી વાતો કરો.

---

## દમણ રેડિયો 102.3 FM

आकाशवाणी

**બુધવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

---

## સુડોકુ નં.૫૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૫૩૪ નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# કપરાડામાં ભવ્ય હિન્દૂ સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૬ :** કપરાડા તાલુકાના રામ મંદિર કપરાડા તેમજ હુડા ગામ (આંબાપાડા) સ્થિત વિઠ્ઠલ-રૂકમણી મંદિરે સમસ્ત હિન્દૂ સમાજના સંયુક્ત આયોજન હેઠળ ભવ્ય હિન્દૂ સંમેલન યોજાયું હતું. ગામના આગેવાનો, સરપંચ તથા યુવાનોના સહયોગ અને પૂજ્ય સંતોના આશીર્વાદથી સમગ્ર કાર્યક્રમ ભક્તિમય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમ દરમિયાન હરિ પાઠનું ગાન કરવામાં આવ્યું, જેમાં ગામના ભક્તો, માતા-બહેનો તથા બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. હરિ પાઠના ગાનથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો અને ઉપસ્થિત ભક્તોમાં આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો હતો.

આ -સંગે રાષ્ટ્રીય સ્વયંસેવકના ના વલસાડ જિલ્લા કાર્યવાહ મહેશભાઈ પટેલ, જિલ્લા સહ કાર્યવાહ તેજસિંહભાઈ ભદોરીયા તેમજ જિલ્લા સેવા -મુખ શ્યામભાઈ રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેશભાઈ પટેલ અને શ્યામભાઈ રાવલે પોતાના બૌધિક દ્વારા સંઘના 'પંચ પરિવર્તન' વિષય પર માર્ગદર્શન આપતાં સમાજને એકજૂટ બની સમાજહિતના કાર્યોમાં જોડાવા માટે સજ્જન શક્તિને આહવાન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન બાળકોમાં હરિભક્તિ સાથે દેશભક્તિનો ઉત્સાહ પણ જોવા મળ્યો હતો, જે સમગ્ર સંમેલનની વિશેષતા બની હતી. ભક્તિ, સંસ્કાર અને એકતાનો સંદેશ આપતું આ હિન્દૂ સંમેલન કપરાડા તાલુકામાં ધાર્મિક તથા સામાજિક જાગૃતિ માટે મહત્વપૂર્ણ બન્યું હતું.

# વલસાડ મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વલસાડ મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો ભવ્ય કાર્યક્રમ ઉપાસના સ્કૂલ, વાપી ખાતે મોટા ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો।

આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન દક્ષિણ ગુજરાત રાજ્ય -ભારી તનુજા આર્યજી દ્વારા કરવામાં આવ્યું। શ્રીમતી રશ્મિકા મહેતા જી (એડવોકેટ અને નોટરી) તથા ડૉ. તમન્ના જી વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા।

રાજ્ય કાર્યકારિણી સભ્ય શીલા વશીજી તથા રાજ્ય સંવાદ -ભારી પુષ્પા સાગઠિયા જી દ્વારા વિશેષ માર્ગદર્શન -ાપ્ત થયું।

સુરતથી ખાસ ઉપસ્થિત રહેલા રાજ્ય કાર્યકારિણી સભ્ય સુરેશભાઈ ગાબાણી જી, પતંજલિ યોગ સમિતિના જિલ્લા -ભારી આદરણીય રાજુભાઈ ભાલાણી જી, ભારત સ્વાભિમાન ટ્રસ્ટના -મુખ કમલેશ પત્રકાર જી તેમજ કિસાન સેવા સમિતિના -મુખ સંદીપભાઈ દેસાઈ જી ની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી।

કાર્યક્રમના મુખ્ય આયોજક તરીકે મહિલા પતંજલિ યોગ સમિતિ વલસાડની જિલ્લા -ભારી આદરણીય મીના ટોલાની જી, જિલ્લા મહામંત્રી દક્ષા રાઠોડ જી, તેમજ જિલ્લા સંગઠન મંત્રી શીતલ ત્રિગોત્રા જી સહિત તમામ પદાધિકારીઓ અને બહેનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે અવિરત -યત્નો કરવામાં આવ્યા। લગભગ ૨૦૦થી વધુ બહેનો એ આ કાર્યક્રમમાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો। કાર્યક્રમ દરમિયાન યોગ, -ેરણાદાયક વિચારો અને મહિલા સશક્તિકરણના સંદેશ સાથે સૌએ સાથે મળીને ભોજનનો પણ આનંદ લીધો હતો.

# વાંકલમાં બે દિવસીય ક્રિકેટ ટુર્ના. રમાઈ

## ઢોડિયા સમાજ સમસ્ત બાવીસા કુળ પરિવારની ક્રિકેટ ટુર્નામેન્ટ, સીઝન-૨ માં દુલસાડ બાવીસા ઈલેવન ચેમ્પિયન બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** ઢોડિયા સમાજ સમસ્ત બાવીસા કુળ પરિવાર દ્વારા બીજા વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દુલસાડ બાવીસા ઈલેવન ચેમ્પિયન બની હતી. જયારે બાવીસા પાટી ઈલેવન રનર્સઅપ રહી હતી. આ ટીમોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવી હતી. શ્રીજી ક્રિકેટ ગ્રાઉન્ડ, વાંકલ ખાતે બે દિવસ યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં બાવીસા કુળની દુલસાડ, પાટી, રાનપાડા, ફલધરા, વેલવાચ, નવેરા, ઓઝર, ખેરગામ, જુજવા, ચણવઈ, બરૂમાળ ગામની ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. બાવીસા પરિવારના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે હાજરી આપી કુળના ખેલાડીઓને ખેલદિલીની ભાવના કેળવી, ક્રિકેટ સાથે સમાજના એકતા પર ભાર મુકયો હતો. ટુર્નામેન્ટના મેન ઓફ ધ સીરીઝ શરદભાઈ દુલસાડને અક્ષર સ્પોર્ટસ નવેરા દ્વારા સાયકલ આપવામાં આવી હતી. બેસ્ટ ફિલ્ડર ભાવેશભાઈ દુલસાડ, બેસ્ટ બોલર શરદભાઈ દુલસાડ, બેસ્ટ બેટર હાર્દિકભાઈ દુલસાડને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મનિષભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેર, અનિલભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેર, ઉમેશ બાવીસા, સહાયક માહિતી નિયામક, કાંતિભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, કેસુરભાઈ પટેલ, પિંકેશભાઈ સહિત સમાજના આગેવાનો, બાવીસા કુળની આયોજકોએ સાથ અને સહયોગ વડે ટુર્નામેન્ટને સફળ બનાવી હતી.

# અતુલ ફર્સ્ટ ગેટ પાસે સર્વિસ રોડ ઊંચો અને મુખ્ય માર્ગ નીચો હોવાથી વાહન ચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** નેશનલ હાઈવે નંબર ૪૮ પર અતુલ ફર્સ્ટ પાસે આવેલો સર્વિસ રોડ ઊંચો હોવાને કારણે અને અતુલ તરફ જતો મુખ્ય રસ્તો નીચો હોવાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાઓના સ્તરમાં રહેલા આ મોટા તફાવતને લીધે વાહન ચાલકોને અવરજવર કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

?ખાસ કરીને શાળાએ જતા વિદ્યાર્થીઓ, ખાનગી અને સરકારી ઓફિસોમાં કામ કરતા નોકરીયાતો અને રોજના સેંકડો વાહન ચાલકો આ જોખમી રસ્તાને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. રસ્તો નીચો હોવાથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની કે અકસ્માત થવાની ભીતિ પણ સેવાઈ રહી છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર દ્વારા આ બાબતે વહેલી તકે નેશનલ હાઈવે ઓથોરિટી વલસાડ માર્ગ મકાન વિભાગ કે લાગતા વળગતા અધિકારીઓ આ રસ્તાને પેચ વર્ક આપી કાયમી નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ છે



### આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે નિમિત્તે

# વાપીમાં મહિલા સંગઠન પ્રમુખોનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી ના ગોકુલ વિહાર વિસ્તારમાં આવેલ ઘ્-૨ વિંગમાં રહેતા અને સામાજિક કાર્યકર્તા સંજયભાઈ સિંડેના નિવાસસ્થાને આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ખાસ કાર્યક્રમનું આયોજન સંજયભાઈ સિંડે અને તેમની પત્ની શ્રીદેવી તાઈ દ્વારા ચણોદ ખાતે એક વિશાળ હલ્દી-કુમકુમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં વાપી દમણ અને સેલવાસની વિવિધ મહિલા સંગઠનોની કુલ ૨૧ મહિલા -મુખોને વિશેષ આમંત્રણ આપી તેમના નિવાસસ્થાને બોલાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તમામ મહેમાન મહિલાઓને શાલ ઓઢાડી અને સ્મૃતિભેટ અર્પણ કરી તેમની સેવાઓની કદર વ્યક્ત કરવામાં આવી હતી. આ -સંગે વુમન્સ ડેની ઉજવણીરૂપે કેક કાપી આનંદોત્સવ પણ મનાવવામાં આવ્યો હતો. વિવિધ મહિલા સંગઠનોની -મુખોએ કાર્યક્રમમાં હાજરી આપી આ અનોખી પહેલ બદલ સંજયભાઈ સિંડે અને શ્રીદેવી તાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહિલાઓએ હલ્દી-કુમકુમ કાર્યક્રમ અને મહિલા સશક્તિકરણ અંગે પોતાના -તિભાવો પણ રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ આનંદ અને સૌહાર્દના માહોલમાં યોજાયો હતો.

# વલસાડમાં મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનો પ્રારંભ

## રાજ્ય સરકાર દ્વારા મહિલાઓની હસ્ત કલા અને ઘર આધારિત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પ્રયાસ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ ખાતે મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન વલસાડ નગરપાલિકાના -મુખ શ્રીમતી માલતીબેન ટંડેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મેળો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની હસ્ત કલા અને ઘર આધારિત ઉત્પાદનોને -ોત્સાહન આપવા આયોજન કરવામાં આવ્યો છે.

આ મેળો તા. ૨૦-૦૩-૨૦૨૬ સુધી રોજ સવારે ૧૧ઃ૦૦ વાગ્યાથી રાત્રે ૧૦ઃ૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. ઉદ્ઘાટન -સંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શ્વેતા દેસાઈ તેમજ કમલેશ ગીરાસે (દહેજ -તિબંધક સહ રક્ષણ અધિકારી) ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મહિલા અને બાળ અધિકારીશ્રી કચેરીના કર્મચારીઓ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરા લીગલ વોલેન્ટરો પણ હાજર રહ્યા હતા.

મેળામાં બહેનો દ્વારા બનાવાયેલા વિવિધ હસ્તકલા, પરંપરાગત કલાકૃતિઓ તેમજ ઘર આધારિત ઉત્પાદનોના સ્ટોલ મુકવામાં આવ્યા છે. નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહિલાઓના ઉત્પાદનોને -ોત્સાહન આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધરમપુરની આંઘોળી પ્રા. શાળામાં 'આનંદ મેળો'યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની આંઘોળી -ાથમિક શાળા ખાતે 'આનંદ મેળા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને વ્યાપારી કૌશલ્યને -ોત્સાહન આપવાનો -યાસ કરવામાં આવ્યો હતો.

આનંદ મેળામાં શાળાના બાળકો અને શિક્ષકો દ્વારા સંયુક્ત રીતે વિવિધ સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં ખાણી-પીણીની વિવિધ વાનગીઓ હતી.

આ -સંગે શાળાના તમામ બાળકો, શિક્ષકો તેમજ ૯.૫.૬ (શાળા વ્યવસ્થાપન સમિતિ) ના સભ્યો તેમજ સી.આર.સી. કો ઓર્ડીનેટર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને પુસ્તકીય જ્ઞાનની સાથે વ્યવહારિક જ્ઞાન આપવાનો હતો. બાળકોએ જાતે સ્ટોલ સંભાળીને નાણાકીય વ્યવહાર (હિસાબ-કિતાબ) કરતા શીખ્યા હતા. ટીમ વર્ક અને વ્યવસાયિક સૂઝબૂઝની સાથે ગ્રાહકો સાથે સંવાદ કરવાની કળા જેવા જીવન ઉપયોગી પાઠ ખૂબ જ ઉત્સાહપૂર્વક શીખ્યા હતા. શાળાના સમગ્ર શૈક્ષણિક પરિવાર દ્વારા કરવામાં આવેલા આ સુંદર અને સુવ્યવસ્થિત આયોજનની વાલીઓએ મુક્ત કંઠે -શંસા કરી હતી. સમગ્ર શાળા સંકુલ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં ગુંજી ઉઠ્યું હતું.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com


### સ્વિટ્ઝર્લેન્ડમાં વર્લ્ડ આર્ચરી લેવલ-૨ કોચ વર્કશોપ માટે

# દમણની મહિમા પ્રજાપતિની પસંદગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૭ :** દમણની આર્ચર મહિમા -જાપતિનું -તિષ્ઠિત વર્લ્ડ આર્ચરી દ્વારા -માણિત લેવલ-૨ આર્ચરી કોચેસ વર્કશોપ માટે પસંદગી થઈ છે, જે લોઝાન, સ્વિટ્ઝર્લેન્ડ ખાતે યોજાશે. આ દમણ, દીવ અને દાદરા નગર હવેલી માટે ગૌરવની બાબત છે. મહિમા છેલ્લા ૯ વર્ષથી ચેન્નઈમાં તેમના ગુરુ અને કોચ શિહાન હુસૈનીના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહી છે. પોતાની મહેનત અને લગનથી તેમણે આર્ચરી ક્ષેત્રમાં અનેક સિદ્ધિઓ મેળવી છે। મહિમા એક ઈન્ટરનેશનલ અને નેશનલ આર્ચરી ખેલાડી છે તેમજ નેશનલ આર્ચરી જજ તરીકે પણ સેવા આપી રહી છે. વર્ષ ૨૦૨૪માં તેમણે વર્લ્ડ આર્ચરી દ્વારા -માણિત લેવલ-૧ આર્ચરી કોચેસ વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો।

આ વર્ષે ભારતમાંથી પસંદ કરાયેલા ૧૪ કોચોમાં મહિમાનું સ્થાન સમગ્ર -દેશ માટે ગૌરવની વાત છે. તેમની આ સિદ્ધિ દમણ-દીવ અને દાદરા નગર હવેલીમાં આર્ચરીના વિકાસને વધુ -ોત્સાહન આપશે।

# ખાનવેલમાં ત્રિદિવસીય ફિટ ઈન્ડિયા મલ્લખંભ અને ફૂટબોલ સ્પર્ધા સંપન્ન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૪ :** સંઘ -દેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના રમતગમત વિભાગ દ્વારા ખાનવેલ સ્થિત ખેલો ઈન્ડિયા કેન્દ્ર, ચોડા મેદાન ખાતે ફિટ ઈન્ડિયા મલ્લખંભ અને ફૂટબોલ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ૧૩ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાઈ હતી, જેમાં વિવિધ વિસ્તારોમાંથી આવેલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમત -તિભાનું -દર્શન કર્યું હતું.

મહિલા ફૂટબોલ સ્પર્ધામાં ઓસ્કર ફાઉન્ડેશન -થમ સ્થાને રહ્યું હતું, જ્યારે સેન્ટ જોસેફ સિલવાસા બીજા સ્થાને અને એન્જલ એફસી ખાનવેલ ત્રીજા સ્થાને રહ્યા હતા. છોકરાઓની ફૂટબોલ સ્પર્ધાના ફાઈનલ મુકાબલામાં સિલવાસા સિટીએ કોન્ચા એફસીને ૩-૧ થી પરાજિત કરી -થમ સ્થાન મેળવ્યું હતું. કોન્ચા એફસી બીજા સ્થાને અને ડોર્ચ એફસી ત્રીજા સ્થાને રહ્યા હતા.

મલ્લખંભ ટીમ ચેમ્પિયનશિપમાં છોકરાઓના વર્ગમાં સેન્ટ મેરીઝ ડેમ સ્કૂલ ૧૩૬ અંક સાથે -થમ સ્થાને રહ્યું હતું. મલ્લખંભ સ્પોર્ટ્સ ૧૨૨ અંક સાથે બીજા અને મલ્લખંભ વોરિયર્સ ૧૦૭ અંક સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. જયારે છોકરીઓના વર્ગમાં જી.એચ. એસ. એસ ખાનવેલ સ્કૂલ ૧૩૨ અંક સાથે -થમ સ્થાને રહ્યું હતું. સી.પી.એસ ખાનવેલ જી.એમ સ્કૂલ ૧૨૮ અંક સાથે બીજા અને વર્સા મુન્ડા સ્કૂલ-એ ૧૨૨ અંક સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું.

કાર્યક્રમના સફળ આયોજનમાં વિભાગના અધિકારીઓ તથા રમતગમત કર્મચારીઓ મહેશ પટેલ, જજેશ્વર કંકવા, સોહેલ બાગવાન, અલ્તમાશ, જીત ગાવિત, સાગર રાઠ અને શુભમ અહીરે સહિતના કર્મચારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. સમાપન -સંગે રમતગમત વિભાગ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી, પદક અને રમત કિટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધા દ્વારા યુવાનોને રમતગમત -ત્યે -ેરણા મળે અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે સંદેશ આપવામાં આવ્યો હતો.

### વીર નર્મદ દ.ગુ. યુનિ. સુરત દ્વારા સંચાલિત અને વાપીની કે. બી. એસ. કોલેજ દ્વારા આયોજીત આંતર કોલેજ રસ્સા ખેંચ બહેનોની સ્પર્ધામાં

# વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ સતત દસમાં વર્ષે યુનિ. ચેમ્પિયન બની





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા સંચાલિત અને વાપીની કે. બી. એસ. કોલેજ દ્વારા આયોજીત આંતર કોલેજ રસ્સા ખેંચ બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજની બહેનોની ટીમ દર વર્ષની જેમ સર્વશ્રેષ્ઠ -દર્શન કરી બધી મેચો એક તરફી જીતી સતત દસમા વર્ષે યુનિવર્સિટી ચેમ્પિયન બની છે.

આ ખેલાડી બેહનોમાં વેદી પટેલ, ક્રિષ્ણા પટેલ, હેતવી મારવાડી, દિશા ટંડેલ, ધારા મુરાની, તનુશ્રી ઈમલોકર, શિવાંગી સિંગ અને વંશીકા મહેતાના ટીમ વર્ક અને જુસ્સાએ આ વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ખેલાડી બહેનોને કોચિંગ અને માર્ગદર્શન શારીરિક શિક્ષણ અધ્યાપક ડો. મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. કોલેજ ટ્રસ્ટી મંડળના સભ્યો, તમામ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફના સભ્યો અને ઈન્ચાર્જ આચાર્ય -ો. વી.આર. ચાંપાનેરીએ ખેલાડી બેહનોને શુભેચ્છા પાઠવી હતી.

# વાપીની સમર્પણ જ્ઞાન સ્કુલમાં પ્રિ-પ્રાયમરીના વિદ્યાર્થીઓનો ગ્રેજયુએશન ડે ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ફ્લઓફ ટુ બિગ સ્કૂલ - ન્યૂ ચેપ્ટર બિગિન્સફ્લ થીમ પર -િ--ાયમરીના વિદ્યાર્થીઓનો ભવ્ય ગ્રેજ્યુએશન ડે ઉજવાયો હતો. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે એસ.એમ. એન્ટર-ાઈઝ એન્ડ એ.એસ. એન્જિનિયરિંગના ઓનર સંદીપ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે સરના કેમિકલ -ાઈવેટ લિમિટેડના જનરલ મેનેજર -મોદ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હીના પટેલ, આચાર્યા, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ -જ્વલન અને -ાર્થના સાથે કરવામાં આવી હતી. આચાર્યા પાર્વતી પિઠાનીએ મહેમાનો અને




ઉપસ્થિત સૌનું સ્વાગત કરતાં વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી શૈક્ષણિક અને ઈતર -વૃત્તિઓની ઝલક રજૂ કરી હતી કાર્યક્રમ દરમિયાન સિનિયર કે.જી. અને ધોરણ-૨ના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અર્પણ કરી તેમને વિધિવત્ રીતે ગ્રેજ્યુએટ કરવામાં આવ્યા હતા. આ -સંગે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગૌરવ અને આનંદની લાગણી જોવા મળી હતી.

કાર્યક્રમના ચીફ ગેસ્ટ સંદીપ પટેલ, અતિથિ વિશેષ -મોદ ઉપાધ્યાય, સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, સ્કૂલના ચેરપર્સન હીના પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી કાર્યક્રમ દરમિયાન વાલી દ્વારા પણ શાળાની વિશેષતાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યું હતું અને શાળામાં આપવામાં આવતા ગુણવત્તાસભર શિક્ષણ તથા સંસ્કારોની -શંસા કરવામાં આવી હતી.

## પારડી હોસ્પિટલમાં ફાયર સેફટી અંગે મોકડ્રિલ યોજાઈ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી હોસ્પિટલ દ્વારા તાજેતરમાં ફાયર સેફટી અંગે જાગૃતિ અને તૈયારીઓ મજબૂત બનાવવાના હેતુથી મૉક ફાયર ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રિલ બે દિવસ પહેલા ડૉ. મુસ્તાક કુરેશીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાઈ હતી. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ એ હતો કે જો કોઈ અનિચ્છિનીય સંજોગોમાં હોસ્પિટલમાં આગ જેવી આપાત પરિસ્થિતિ સર્જાય, તો હોસ્પિટલનો સ્ટાફ કેવી રીતે તબક્કાવાર અને સુવ્યવસ્થિત રીતે જરૂરી પગલાં લે તે અંગે પ્રાથમિક તાલીમ અને પૂર્વ તૈયારી થઈ શકે. ડ્રિલ દરમિયાન સ્ટાફે દર્દીઓની સુરક્ષા, આગ નિયંત્રણ અને ઈમર્જન્સી વ્યવસ્થાપન જેવી બાબતોનું પ્રદર્શન કર્યું હતું. આ આયોજનમાં પારડી નગરપાલિકાનો મહત્વપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો. ડ્રિલના અંતે ડૉ. કુરેશીએ સમગ્ર હોસ્પિટલ સ્ટાફને ઝડપી અને સુવ્યવસ્થિત કામગીરી બદલ અભિનંદન આપ્યા અને પારડી નગરપાલિકાનો સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ડ્રિલને સફળ બનાવવામાં હોસ્પિટલના એડમિનિસ્ટ્રેટર સત્ય પુરાણીક, હોસ્પિટલ મેનેજર જુસબ મલેક, નર્સિંગ હેડ મીનાબેન ટંડેલ સહિત સમગ્ર સ્ટાફનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. જેમનો ડૉ. કુરેશીએ આભાર વ્યક્ત કર્યો હતો.

## પારડીમાં બે દિવસીય રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** દર વર્ષની જેમ અતુલ લિમિટેડ દ્વારા અતુલ ડે નિમિત્તે બે દિવસ બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૬૪૨ યુનિટ બ્લડ ડોનરે ડોનેટ કર્યું હતું અને કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં પારડીના સેવાભાવી બ્લડ બેન્કના સભ્ય સંજયભાઈ બારીયાએ ૧૨૧મી વખત બ્લડ ડોનેટ કર્યો હતો. ખરેખર એમણે રક્તદાનએ મહાદાનના સૂત્રને સાર્થક કર્યો છે.

એમણે ૧૨૧ વખત રક્તદાન કરી લોકોનો જીવન બચાવ્યો છે અને રક્તદાનનો ઔષધ અવસર પ્રાપ્ત થયો હતો. તેઓએ સૌ ડોનર અને અતુલ લિમિટેડના આયોજકોનો દિલથી આભાર વ્યકત કર્યો હતો અને આયોજકોએ પણ એમને પ્રોત્સાહિત કર્યા હતાં.

## પરિયાગામ, પારડી તાલુકાનું સેન્ટર પોઈન્ટ બન્યું

### બુલેટ ટ્રેન અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ્સને કારણે ગામનો આર્થિક નકશો બદલાઈ રહ્યો છે : પ્રદૂષણ મુક્ત ફાર્મા, એન્જિનિયરિંગ અને નોટબુક બનાવતી કંપનીઓ સ્થપાતાં સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઉભી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી તાલુકામાં આવેલું પરિયા ગામ ઉદવાડાથી ૫ કિ.મી. અને પારડીથી માત્ર ૭ કિમીના અંતરે આવેલું આ ગામ ભૌગોલિક રીતે સેન્ટર પોઈન્ટ બનીને ઉભર્યું છે. જમીનના વધતા ભાવ અને ચારેતરફથી આવી રહેલા મેગા પ્રોજેક્ટ્સને કારણે પરિયા ગામ સમગ્ર પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ખાસ કરીને બુલેટ ટ્રેન અને એક્સપ્રેસ-વે પ્રોજેક્ટથી પરિયા ગામની કાયાકલ્પ બદલાઇ જશે પરિયા ગામ ઓછા સમયમાં વિકસિત બનવા જઇ રહ્યું છે. પરિયા ગામ ધાર્મિક આસ્થા અને સામાજિક એકતાનું સંગમ છે. પરિયા ગામમાં ધોડિયા, હળપતિ, દેસાઈ, માહ્યાવંશી, નાયકા, કોળી અને વાણિયા જેવા વિવિધ જ્ઞાતિના લોકો વર્ષોથી હળીમળીને રહે છે.ગામની આસ્થાના પ્રતીક સમાન દેસાઈવાડનું મહાદેવ મંદિર,પંચાયત સામે ખોડિયાર માતા, સુથારવાડનું રામ મંદિર તથા નાનીમાતા, બરવાડીનું અંબા ભવાની અને પારસી ફળિયાનું શ્રી બ્રહ્મદેવ મંદિર ગામના આધ્યાત્મિક વારસાને જીવંત રાખે છે. રમતગમત ક્ષેત્રે પરિયાએ આગવી ઓળખ ઉભી કરી છે.ગામમાં આવેલા બે વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ્સ પર દેશ-વિદેશના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પ્રેક્ટિસ માટે આવે છે. સાંઈમેઘપન સ્ટેડિય સૌથી અદ્યત્તન બન્યું છે. જે ગામ માટે ગૌરવની વાત છે. આરોગ્ય ક્ષેત્રે પણ ખાનગી કંપનીના સહયોગથી મળેલી એમ્બ્યુલન્સ સેવા અને PHC સેન્ટર ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. ગામના લોકો અત્યાર સુધી વાપી, દમણ અને સેલવાસ નોકરી માટે જતાં હતા,પરંતુ હવે ગામમાં જ પ્રદૂષણ મુક્ત ફાર્મા, એન્જિનિયરિંગ અને નોટબુક બનાવતી કંપનીઓ આવતા સ્થાનિક સ્તરે જ રોજગારીની તકો ઉભી થઈ છે. સાથે-સાથે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે જેવા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સને કારણે ગામનો આર્થિક નકશો બદલાઈ રહ્યો છે.

## પારડી મામલતદાર કચેરીથી શ્રીનાથ હોટલ સુધી હાઈવે સર્વિસ રોડ બનશે?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી નગર મધ્યેથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૪૮ ઉપર હાઈવેની પશ્ચિમ બાજુ એટલે કે મુંબઈથી સુરત તરફની લેન ઉપર હોટલ શ્રીનાથથી નવી મામલતદાર કચેરી સુધીનો હાઈવે સર્વિસ રોડનું કામ વર્ષોથી અધૂરું છોડી દેવામાં આવ્યું છે.

હાઈવે ઓથોરિટી દ્વારા શહેરી વિસ્તારમાં હાઈવેની બંને તરફ સમાંતર સર્વિસ રોડ નિર્માણ કરવામાં આવે છે. પારડી શહેરી વિસ્તારમાં પણ સર્વિસ રોડ નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ હોટલ શ્રીનાથથી નવી મામલતદાર કચેરી સુધીના સર્વિસ રોડનું કામ વર્ષોથી અકળ કારણોસર અધૂરું છોડી દેવામાં આવ્યું છે. જેને કારણે અહીં છાસવારે જીવલેણ અકસ્માતો સર્જાય રહ્યા છે. થોડા દિવસ પહેલા એક કન્ટેનર ચાલક હાઈવે છોડી દીધો એક કોમર્શિયલ કન્સ્ટ્રેક્શન સાઈટ પાસે પલટી મારી ગઈ આ દુર્ઘટનામાં એક નિર્દોષ કિશોરે જીવ ગુમાવ્યો.

વળી મામલતદાર અને પ્રાંત કચેરીમાં આવતા અરજદારોના માથે પણ આ સર્વિસ રોડના અભાવે જીવનું જોખમ વધી રહ્યું છે. અહીં હોટલ પાસે સિંઘાનિયા સ્કૂલ આવી છે જેમાં અભ્યાસ કરતા બાળકોને લઈને આવતા વાહનો પણ સર્વિસ રોડના અભાવે જોખમી રીતે અપ ડાઉન કરવા મજબૂર બન્યા છે.

અહીં પંચનાથ મહાદેવ મંદિર આવ્યું છે. આ મંદિરમાં ભકતો દર્શનાર્થે આવતા હોય છે. એક એક્ષલ કંપની છે જેમાં મોટી સંખ્યામાં લોકો નોકરી કરે છે. જોગમોડી વિસ્તારમાં માનવ વસાહત છે. આ વિસ્તારમાં લોકો પણ સર્વિસ રોડના અભાવે જોખમી રીતે આવન જાવન કરે છે.

હાઈવે ઓથોરિટી દ્વારા આ વિસ્તારમાં સર્વિસ રોડ માટે જમીન સંપાદિત છે જ અને દેખીતી રીતે કોઈ અવરોધ પણ નથી છતાં આ સર્વિસ રોડનું કામ શા માટે કરવામાં આવતું નથી એવો પ્રશ્ન સ્થાનિકો પૂછી રહ્યાં છે. શું સાંસદ ધવલ પટેલ આ મામલે હાઈવે ઓથોરિટી સાથે સંકલન કરી ઉકેલ લાવવા અને સત્વરે સર્વિસ રોડ નિર્માણ કરી લોકોને મદદરૂપ થશે ? એ સમયે બતાવશે.

## પારડીમાં જીલ્લા ભાજપાની બેઠક મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીની સૂચના મુજબ આજરોજ જીલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામા તેમજ જીલ્લા પ્રભારી વિનયભાઈ શુકલાની ઉપસ્થિતિમાં પારડી તાલુકા મંડળ સંગઠનના હોદ્દેદાર સાથે બેઠક યોજાઈ હતી. જેમાં સંગઠાત્મક ચર્ચા તેમજ નવી રચનાઓ વિશે કામગીરી અને આગામી ચૂંટણી લક્ષી કાર્યક્રમો અને મંડળના હોદેદારો સાથે જિલ્લા પ્રભારીની પરિચય બેઠક મળી હતી.

આ બેઠકમાં વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ, નિખિલભાઈ ચોક્સી, પ્રદેશ યુવા મોરચાના કોસા અધ્યક્ષ ધ્રુવીન ભંડારી, પારડી તાલુકા મંડળના પ્રમુખ પુનિત પટેલ તેમજ મંડળના હોદ્દેદાર, જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના સભ્યઓ કાર્યકર્તા ઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ સાથે પારડી શહેર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ સાથે પણ મીટીંગ કરવામાં આવી હતી. વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ કે જેઓ પ્રભારી નિયુક્ત થયા છે. વાપી નગરપાલિકાની ચૂંટણી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. શહેરના પ્રમુખ વિપુલભાઈ પટેલ, મહામંત્રી અશોક પ્રજાપતિ, ઝૂબીન દેસાઈ, નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવભાઈ દેસાઈ સહિત કોર્પોરેટર અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં.

## પારડી પોલીસ સ્ટેશને શાંતિ સમિતિની બેઠક મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી પોલીસ સ્ટેશનમાં આજરોજ આગામી દિવસોમાં યોજાનાર ઈદ અને રામ નવમીની ઉજવણીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હિંદુ મુસ્લિમ સમાજના આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. અહીં પારડી પોલીસ સ્ટેશનમાં આજરોજ તા.૧૭મી માર્ચના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે પોલીસ મથકના ઈન્સ્પેક્ટર જી.આર. ગઢવીના અધ્યક્ષ સ્થાને આ બેઠકમાં મુસ્લિમ સમાજ દ્વારા તા. ૨૧મીના રોજ યોજાનાર ઈદ પર્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તો સાથે ૨૭મીના રોજ યોજાનાર રામનવમી પર્વ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી પીઆઈજીઆર ગઢવીએ જણાવ્યું હતું કે શાંતિ સમિતિની બેઠક યોજવાનો મુખ્ય કારણ દરેક સમાજ દ્વારા ઉજવવામાં આવતા તહેવારો દરમિયાન સુલે અને શાંતિ રહે અને તહેવારો શાંતિપૂર્ણ રીતે યોજવામાં આવે એ જ મુખ્ય હેતુ છે. આ બેઠકમાં મુસ્લિમ સમાજના આગેવાનો અને હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી શાંતિપૂર્ણ રીતે ચર્ચા કરી હતી.

## પારડી પાલિકાએ ડોર ટૂ ડોર વેરા વસૂલાતની કામગીરી તેજ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી નગરપાલિકાના વેરા વિભાગ દ્વારા માર્ચ મહિનાના હવે એન્ડના ગણતરીના દિવસ બાકી હોય ત્યારે ડોર ટુ ડોર વેરા વસૂલાત શરૂ કરી દેવામાં આવી છે. જે વેરા વસુલાતના ભાગરૂપે શનિવારે અને રવિવારે રજા હોવા છતાં પણ પારડી નગરપાલિકાના વેરા વિભાગ સહિત તમામ કર્મચારીઓ વેરા વસુલાત માટે આવ્યા હતાં અને રજાના દિવસે પણ ડોર ટૂ ડોર જઈને વેરા વસુલાત કરી હતી. પારડી નગરપાલિકાના વોર્ડ નંબર એકથી સાત સુધી સતત વેરા વસુલાતની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી અપૂર્ણ રહેતા હવે માર્ચ મહિનાના પૂર્ણતાના ગણતરીના દિવસો બાકી હોય ત્યારે વેરા વસુલાતની કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ કરવા માટે વેરા વિભાગના કર્મચારીઓ સહિત દરેક વિભાગના કર્મચારીઓ ભયંકર ગરમીમાં હવે જેમના વેરાના પૈસા બાકી છે એમના ઘરે જઈને વેરા વસુલાત કરતા થયા છે. પાલિકાના કર્મચારીઓ ડોર ટુ ડોર ઘરે જતા નાગરિક કર્મચારીઓને સહકાર આપી રહ્યા છે અને વસુલાત ઝડપી બની ગઈ છે. પાલિકાનો વેરા વસુલાતનો ટાર્ગેટ ૧૦૦ ટકાનો છે. પાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારીની સંપૂર્ણ ટીમ ઝડપી કામગીરી થાય એ દિશામાં પ્રયત્નશીલ છે અને ૧૦૦ ટકા વસૂલાતની કામગીરી પૂરી થાય અને ગ્રાન્ટ મળે તથા પારડીનો સર્વાંગી વિકાસ થાય એ દિશામાં વેરા વસુલાત ઝડપી બની છે.

## સરીગામની ક્રિકેટ ટુર્ના.માં પારડી ઉન્નતિ ઈલેવન ટીમ ચેમ્પિયન બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** ઉમરગામ તાલુકાના સરીગામમાં ભંડારી સમાજ સરીગામ ઈલેવન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં ભંડારી સમાજના યુવાનોની ૨૮ ટીમોએ ભાગ લીધો હતો. આ રોમાંચક ટુર્નામેન્ટમાં પારડી ઉન્નતિ ઈલેવનની ટીમનો ફાઈનલ મેચમાં ભવ્ય વિજય થયો હતો.

જેમાં મેન ઓફ ધ મેચ ભંડારી સમાજના સુપરસ્ટાર ક્રિકેટર પ્રગ્નેશ ભંડારી રહ્યા હતાં. જ્યારે બેસ્ટ બેસ્ટમેન તરીકે રાગ ભંડારી ભીમપર રહ્યા હતાં. જ્યારે બેસ્ટ બોલર નીરવ ભંડારી રહ્યા હતાં. પારડી ઉન્નતિ ઈલેવનના અગ્રણી એવા અજીતભાઈ ભંડારી, ચેતનભાઈ ભંડારી, સંદીપભાઈ ભંડારી પોતાના ખેલાડીઓને સપોર્ટ કરવા પહોંચ્યા હતાં અને ખેલાડીએ સુંદર પ્રદર્શન કરી ટુર્નામેન્ટ પોતાના ખાતામાં નોંધાવી હતી.

ટુર્નામેન્ટમાં ખાસ બાબતો હતી કે સમાજના ટ્રસ્ટી દિલીપભાઈ ભંડારી અને સમાજના પ્રમુખ ચેતનભાઈ ભંડારી આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં અને ઈનામનો વિતરણ કર્યું હતું.

## નેવરીની યુવતી ગુમ થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી તાલુકાના નેવરી ગામમાંથી ૨૦ વર્ષીય યુવતી અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોએ પોલીસમાં અરજી આપી છે. નેવરી ગામમાં આવેલ સુથાર ફળિયામાં રહેતી ગીતાબેન જયંતીભાઈ પટેલની પુત્રી નયસીબેન (ઉ.વ.૨૦)ગત તા.૩ માર્ચની રાત્રે ઘરે એકલીહતી દરમિયાન ગીતાબેન પોતાની સંતાનો સાથે ગામમાં હોળી પૂજા કરવા ગયા હતાં.

રાત્રે આશરે ૧ વાગ્યે તેઓ ઘરે પરત આવ્યા બાદ બધાએ પોતાના રૂમમાં આરામ કર્યો હતો. બીજા દિવસે સવારે પુત્ર કેયુરભાઈ નોકરી પર જવા માટે બહેન નયસીબેનને બોલાવવા તેના રૂમમાં ગયા ત્યારે તે ઘરે હાજર ન હતી. પરિવારજનોએ આસપાસ તેમજ સગા-સંબંધીઓ અને મિત્ર વર્તુળમાં શોધખોળ કરી, પરંતુ નયસીબેનનો કોઈ પતો મળ્યો ન હતો પરિવારે જણાવ્યા મુજબ નયસીબેન ઘરેથી કોઈને કહ્યા વગર જ ક્યાંક ચાલી ગઈ હોવાનું જણાઈ આવે છે.

ઘણા દિવસોથી શોધખોળ છતાં કોઈ માહિતી ન મળતાં આખરે પરિવારજનોએ પોલીસમાં ગુમ થયાની અરજી નોંધાવી છે ગુમ થયેલી નયસીબેન પાતળી કાયા, ઘઉં વર્ણની, આશરે ૫ ફૂટ ૨ ઇંચ ઊંચાઈ ધરાવે છે અને ગુજરાતી તથા હિન્દી ભાષા બોલે છે ઘરેથી નીકળતી વખતે લાલ-બ્લુ કલરનું ટોપ, બ્લુ જીન્સ અને બ્લુ સેન્ડલ પહેરેલી હતી પારડી પોલીસે ગુમ થયેલી યુવતીની શોધખોળ શરૂ કરી છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પારડીમાં ચૂંટણીની ઘોષણા પહેલા જ રાજકીય ગરમાવો, પક્ષો સજ્જ

પારડી તાલુકામાં સમાવિષ્ટ ગામડાઓમાં હાલના તબક્કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પગલે ચર્ચાઓ શરૂ થઈ છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બંને ચૂંટણીઓ અગત્યની ચૂંટણી છે. ગામડાઓમાં આ ચૂંટણી ઉત્સવ જેવી છે. છેલ્લા બે વર્ષથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને લઈ પારડી તાલુકાના ગામડાઓમાં ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ વિવિધ કાર્યક્રમો કરતા આવ્યા છે. સર્વપ્રથમ પારડી તાલુકા પંચાયતની વાત કરીએ તો પારડી તાલુકા પંચાયતની આધુનિક કચેરી ઐતિહાસિક પ્રાચીન પારડીના કિલ્લાની તળેટી પર આવેલ છે. આ કચેરીનું નિર્માણ ભારતીય જનતા પાર્ટીના પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની ગ્રાન્ટમાંથી કરવામાં આવી છે. ખૂબ જ આધુનિક કચેરી બનાવી દેવામાં આવી છે. જૂની કચેરી ઝર્ઝરીત હોવાના કારણે તોડી પાડવામાં આવી છે. તાલુકા પંચાયતના રાજકારણમાં ગત પાંચ વર્ષની વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટીએ ૨૨ સીટમાંથી તમામ બેઠકો જીતી છે અને માત્ર એક બેઠક કોંગ્રેસ પાર્ટીએ જીતી હતી. એટલે કે ગયા પાંચ વર્ષ પહેલા યોજાયેલ ચૂંટણીમાં પારડી તાલુકાના ગામડાઓમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના તમામ ઉમેદવારો પૈકી માત્ર એક ઉમેદવાર જીત્યા હતાં અને બાકી તમામ ઉમેદવારો હારી ગયા હતાં. છેલ્લા પાંચ વર્ષે જ નહીં પરંતુ છેલ્લા દસ વર્ષથી ભારતીય જનતા પાર્ટી તાલુકા પંચાયતમાં સત્તા પર છે અને પૂર્ણ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો સતત ૧૦ વર્ષથી જીતી રહ્યા છે. પરંતુ એના પાછલા વર્ષોમાં વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની સામે કોંગ્રેસના ઉમેદવારોની મજબૂત સ્થિતિ સંપૂર્ણ તાલુકામાં હતી અને કોંગ્રેસના ઉમેદવારો તાલુકા પંચાયતમાં પણ બહુમતીથી જીતી આવતા હતાં. રાજકારણમાં તાલુકા પંચાયતમાં ઉત્તમભાઈ હરજીભાઈ પટેલના વહુ તારાબેન પટેલ પ્રમુખ હતાં. ત્યારથી કોંગ્રેસનો દબદબો હતો. પરંતુ કોંગ્રેસમાં એ સમયે આંતરિક વિવાદો પણ ચાલ્યા હતાં અને છતાં એ કોંગ્રેસ પોતાની સત્તા ટકાવવામાં સફળ રહી હતી અને કોંગ્રેસની બોલબાલા ચાલતી હતી. પરંતુ છેલ્લા દસ વર્ષથી તાલુકા પંચાયતમાં કોંગ્રેસની સત્તાને ઉખેડી કાઢવામાં ભારતીય જનતા પાર્ટીને સફળતા મળી છે અને હાલમાં ભારતીય જનતા પાર્ટી સત્તા પર છે જેના પાછળ ભારતીય જનતા પાર્ટીની કુશળ સંગઠનની રાજનીતિ કહી શકાય છે. ઉંમરસાડીના વતની મહેશભાઈ દેસાઈ કે જેઓ તાલુકા ભાજપ પ્રમુખ રહ્યા એ પહેલા વાપી કાંપરલી નગીનભાઈ પટેલ પ્રમુખ રહ્યા અને સગઠન શકિતમાં વધારો થયો. જેથી તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીને સફળતા મળી



પારડીનો પત્ર
કુલદિપસિંહ રાજપુત, પારડી

આ બાજુ કોંગ્રેસમાં ભરતભાઈ પટેલ બાદ મેહુલભાઈ વસી પ્રમુખ રહ્યા અને સંગઠન શક્તિ એમણે વધારી છતાં પણ ભારતીય જનતા પાર્ટીએ સત્તા પરિવર્તન કરવામાં સફળતા મેળવી હતી. હવે હાલના તબક્કે ભારતીય જનતા પાર્ટીએ યુવા તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે પુનિતભાઈ પટેલ કે જેમના પત્ની તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે. એમના ઉપર વિશ્વાસ મૂક્યો છે તો બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીની સામે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીએ આ વખતે પોતાની રાજકીય રણનીતિમાં પરિવર્તન કર્યો છે. પારડીના ડુંગરીમાં રહેતા સતિષભાઈ પટેલને તાલુકા પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી છે. સતિષભાઈ પટેલ કે જેઓ તાલુકા પંચાયતમાં જ્યારે કોંગ્રેસનો સંપૂર્ણ દબદબો હતો. ત્યારે તેઓ ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યા છે. ડુંગરી પંચાયતના સરપંચ ઘણી વખત બની ચૂક્યા છે અને તાલુકા પંચાયતની બેઠક પણ જીતી ચૂક્યા છે એટલે બંને યુવા પ્રમુખ બંને પાર્ટીએ તાલુકા પંચાયતની ચૂંટણી પહેલા મેદાનમાં ઉતાર્યા છે અને આ ચૂંટણીઓના પગલે વિવિધ કાર્યક્રમો બંને રાજકીય પાર્ટીના ચાલી રહ્યા છે. થોડા સમય પહેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ અમિતભાઈ ચાવડા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પગલે પારડીમાં આવી ચૂક્યા છે તો હાલના તબક્કે તાજેતરમાં પ્રદેશના નવા પ્રમુખ બનેલા જગદીશભાઈ વિશ્વકર્મા એવો પારડીમાં આવી ગયા છે અને કાર્યકર્તાઓ સાથે મીટીંગ કરી છે તો ભારતીય જનતા પાર્ટીના વલસાડ જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા કે જેમની નિમણૂંક પાર્ટીએ પ્રમુખ તરીકે કર્યા બાદ કોંગ્રેસ પાર્ટીનો બહુ મોટો ફટકો પડ્યો છે. કારણ કે ગઈ ચૂંટણીમાં કોંગ્રેસની માત્ર એક જ બેઠક આવી હતી એટલે કે હેમંતભાઈ કંસારાની ટીમ કોંગ્રેસની ટીમ પર ભારી પડી રહી છે. હેમંતભાઈ કંસારાએ પારડી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની તમામ બેઠકો જીતવા માટે સંપૂર્ણ ટીમ મેદાનમાં ઉતરી દીધી છે અને ફરીથી સિક્સર પર સિક્સર મારવા માટે એમની ટીમ તૈયાર થઈ ચૂકી છે. તો બીજી બાજુ માજી સાંસદ કિશનભાઈ પટેલને આ વખતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી એ હેમંતભાઈ કંસારા સામે મેદાનમાં ઉતારી દીધો છે. ભારતીય રાષ્ટ્રીય પાર્ટી કોંગ્રેસના પ્રમુખ કિશનભાઈ પટેલ કે જેઓએ પાર્ટીમાં સંપૂર્ણપણે સંગઠન પરિવર્તન કરી દીધો છે. લાંબા સમયથી કોંગ્રેસ પાર્ટીના હોદ્દાઓ ભોગવી રહેલા હોદ્દેદારોને તેઓએ બદલી નાંખ્યા છે અને ભારતીય જનતા પાર્ટીની રણનીતિ મુજબ યુવા કાર્યકર્તાઓને મેદાનમાં ઉતારી દીધા છે. ટૂંકમાં કહીએ તો કોંગ્રેસ પાર્ટીએ ૧૦ વર્ષની હારને જીતમાં પરિવર્તન કરવા માટે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી છે. તો જિલ્લા પંચાયતની બેઠક પણ જે હાલમાં હવે પાંચથી ચાર થઈ ગઈ છે એ પાર્ટી તાલુકામાં ભારતીય જનતા પાર્ટીની આવી રહી છે એ પહેલા રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીની બેઠકો આવતી હતી. પરંતુ જિલ્લા પંચાયતમાં પણ ભારતીય જનતા પાર્ટીએ સંપૂર્ણ બહુમતી મેળવી છે. એમાં પણ કોંગ્રેસ પાર્ટીએ સત્તા પરિવર્તન માટે તાકાત લગાવી છે. હવે જ્યારે ચૂંટણીના માત્ર એક બે મહિના બચ્યા છે અને કદાચ આચાર સહિતા ટૂંક સમયમાં લાગી જાય એવી સંભાવના છે. ત્યારે આ બંને પાર્ટીઓ પોતાની તાકાત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કબજે કરવા માટે લગાવી રહ્યા છે આ બાબતે વહીવટી તંત્રમાં તપાસ કરતા મામલતદાર કિરણભાઈ રાણાએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે સંપૂર્ણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને વહીવટી તંત્રને કામે લગાડી દેવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જાહેરનામું પડે એવી સંભાવના છે. તો હવે આગામી દિવસોમાં બંને પાર્ટીની કેવી રણનીતિ રહેશે અને ત્રીજી પાર્ટી પણ આવશે એ પ્રશ્નો છે. પરંતુ પારડી તાલુકામાં ત્રીજી પાર્ટીનો કોઈ વિકલ્પ નથી કે અપક્ષ આવશે એ જ જનતાએ જોવાનું રહ્યું હાલમાં પારડી તાલુકાના ગામડાઓમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના પગલે ચર્ચાઓ જાગૃત થઈ ચૂકી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 18, March 2026


## અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના હવાઈ હુમલા પણ ચિંતાજનક

હજી હમણા સુધી નોબેલ શાંતિ પુરસ્કાર માટે પોતાને યોગ્ય માનતા રહેતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે સમૃદ્ધ આરબ દેશોને ઈરાન સામેના જંગમાં ભડકે બળતાં રણમેદાનમાં પરિવર્તિત કરી રહ્યા છે, ત્યારે દુનિયામાં જંગ સમાપ્ત કરવાની પોતાની સફળતાની ડંફાસોને વિસરી ગયા છે. સ્વાભાવિક રીતે આખી દુનિયાની ઉચાટ નજર ઈરાનની સામે અમેરિકા અને ઈઝરાયલનાં યુદ્ધની ઉપર મંડાયેલી છે, ત્યારે ટ્રમ્પને વિશ્વના દેશો રશિયા અને યુક્રેન વચ્ચેના જંગના અંતની વાત પણ કરતા જણાતા નથી. આવા સંજોગોમાં ભારતના પડોશમાં પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કરીને પોતાનો નાપાક ઈરાદો છતો કરી દીધો છે. દુનિયાની નજર આરબ દેશોની સ્થિતિ પર મંડાયેલી ત્યારે કોઈને પણ અફઘાનિસ્તાન પર આંતરરાષ્ટ્રીય નિયમો અને માનવ અધિકારોના સિદ્ધાંતોના ઉલ્લંઘન સમાન પાકિસ્તાનના હવાઈ હુમલા તરફ ધ્યાન આપવાનો કોઈ સમય જ ન હોય તેવો તાલ સર્જાયો છે. હાલત એવી છે કે, યુક્રેન તેના પર રશિયાએ વધારેલા હુમલા પર દુનિયા ધ્યાન આપતી ન હોવાની ફરિયાદ કરે છે, તો પાકિસ્તાનના હવાઈ હુમલામાં નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યાની તાલિબાન ફરિયાદ કરે છે. આમ તો છેલ્લા ઘણા સમયથી અફઘાનિસ્તાનના શાસક તાલિબાન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં દુશ્મનાવટની કડવાશ સતત વધતી રહી છે. સરહદે નાના છમકલાં હવે પાકિસ્તાન દ્વારા વ્યાપક હવાઈ હુમલામાં પરિણમ્યાં છે. ગયા મહિનાની આખરમાં પાકિસ્તાને એકતરફી ખુલ્લાં યુદ્ધની જાહેરાત કરીને કાબુલ અને કંદહાર સહિત સંખ્યાબંધ વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાને આરોપ મૂક્યો છે કે, આ હુમલામાં સંખ્યાબંધ લોકોનાં મોત થયાં છે. આમ તો તાલિબાન પણ વળતા હુમલા કરી રહ્યું છે, પણ પાકિસ્તાનની સરખામણીએ તેમની લશ્કરી તાકાત મર્યાદિત હોવાથી આ હુમલા પણ બહુ મર્યાદિત રહ્યા છે. હાલત એવી થઈ છે કે, પાકિસ્તાન અને અફઘાન-તાલિબાન વચ્ચેના સંઘર્ષને લીધે સરહદની બન્ને બાજુએ રહેતા સામાન્ય લોકોની હાલત વધુ કફોડી બની રહી છે. દાવા મુજબ પાકિસ્તાનના આ હુમલામાં ૧૫૦થી વધુ અફઘાન નાગરિકોનાં મોત થયાં છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અંદાજ મુજબ લગભગ ૧.૧૪ લાખ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં પાકિસ્તાનના આ અમાનવીય હવાઈ હુમલાની આકરી ઝાટકણી કાઢી છે, પણ વિટંબણા એ છે કે, રશિયાએ યુક્રેન પર, ઈઝરાયલે ગાઝા પર અને હવે ઈરાન પર અમેરિકાના હુમલાએ બતાવી આપ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિતની વૈશ્વિક સંસ્થાઓ અને તેમના નિયમોનો કોઈ અર્થ કે અસ્તિત્વ રહ્યા નથી. આવા સંજોગોનો લાભ લેવામાં પાકિસ્તાન ભારે પાવરધું છે અને તેણે તેની પ્રકૃતિ મુજબ અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા શરૂ કર્યા છે.

## હેમરાજ શાહ ઉપર વસંત મારૂ એ હેમુદાદા નાટક લખ્યું




**દમણગંગા ટાઈમ્સ**

**વાપી, તા. ૧૭ :** કચ્છી માડુ હેમરાજ શાહ ઉપર વસંત મારૂ એ હેમુદાદા નાટક લખ્યુ છે અને એ ૧૬ કચ્છી કલાકારો દ્વારા (૧) પહેલો શો મંગળવાર, તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬એ રાત્રે ૮.૩૦ કલાકે માટુંગાના યશવંત નાટ્યગૃહમાં ભજવાયો. આ નાટક મુંબઈના પાંચ થિયેટરોમાં વિનામૂલ્યે ભજવાશે. (૨) બીજો શો ઝવેરબાઈ હોલ, ઘાટકોપર. (૩) ત્રીજો શો અસ્પી મલાડ માર્વે રોડ (૪) ચોથો શો થાણાના ગડકરી રંગાયતન અને (૫) પાંચમો શો હેમરાજ શાહ એમના ૮૬મા જન્મદિન રવિવાર, તા. ૨૨ માર્ચ ૨૦૨૬ ના બિરલા માતુશ્રી સભાગાર, ન્યૂ મરીન લાઈન્સ માં ભજવાશે. આ યોગાનુયોગ છે કે એમના ઉપર ચિત્રપટ (ફિલ્મ) હિન્દીમાં હેમરાજ શાહ એક સમર્પિત જીવનને દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં ૬૦ ફિલ્મમાંથી આ ફિલ્મના લેખક મનિષાશર્માને બેસ્ટ ઓરીજીન સ્ક્રીન પ્લેનો એવોર્ડ એનાયત થયો હતો.

જ્યારે એમના જીવન પર કિશોર વ્યાસે કળશ છલકે નામની નવલકથા લખી છે. અને હવે એમના જીવન પર વસંત મારૂ દ્વારા લખાયેલ હેમુદાદા નાટક ભજવાય છે. હેમરાજ શાહ-મુંબઈના નવનીત ગુજરાતી સમાજ ભવનના સ્થાપક છે. બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ જે ૪૧ વર્ષથી ચાલે છે અને તેઓ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના સ્થાપક પ્રમુખ પણ છે.

હેમુદાદા નાટકના લેખક વસંત મારૂના કહેવા મુજબ આવું ભાગ્યે જ બને છે કે જેમના જીવન પરથી નવલકથા લખાય, ફિલ્મ બને અને નાટક ભજવાય ? વસંત મારૂનું એક વ્યક્તિ પરનું આ પહેલું નાટક છે અને તે લોકપ્રિય બન્યું છે. મલાડની અસ્પી થિયેટરમાં નાટયકલાકારો સનત વ્યાસ, દીપક ઘીવાલા અને રાગિણી એ આ નાટ્ય પ્રેરણાદાયી છે એમ નાટક જોયા પછી જણાવ્યું હતું. તેમણે મુંબઈમાં ૭ માળનું નવનીત ગુજરાતી સમાજ ભવન બાંધ્યું છે. હેમુદાદા નાટક સમયસર ચાલુ થાય છે, એટલે પ્રેક્ષકોને વિનંતી કે તેઓ રવિવાર, તા. ૨૨ માર્ચ ૨૦૨૬ના રાત્રે ૮.૩૦ વાગ્યે, બિરલા માતુશ્રી સભાગાર હૉલ પર હેમુદાદા નાટક જોવા વહેલાસર પહોંચી જાય. એન્ટ્રી પાસ હૉલ પર સ્ટોકમાં હશે તો જરૂર મળશે.

## રેલવેમાં ફરજ દરમિયાન મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને ૧ કરોડનો વીમા ચૂકવાયો

**દમણગંગા ટાઈમ્સ**

**વાપી, તા. ૧૭ :** પશ્ચિમ રેલવે દ્વારા કર્મચારી કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા એક મહત્વપૂર્ણ પગલાં તરીકે મુંબઈ સેન્ટ્રલ વિભાગના સિનિયર મોટરમેન, જેમનું ફરજ દરમિયાન દુર્ભાગ્યવશ અવસાન થયું હતું, તેમના પરિવારને ૧ કરોડનો વીમા ચૂકવવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રેસ નિવેદન મુજબ, મુંબઈ સેન્ટ્રલ વિભાગમાં આ પ્રકારની પ્રથમ વીમા ચુકવણી છે. આ ચુકવણી સપ્ટેમ્બર ૨૦૨૫માં ઈન્ડિયન રેલવે અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વચ્ચે થયેલા સમજૂતી કરાર હેઠળ વધારેલી રેલવે સેલેરી પેકેજ યોજના અંતર્ગત શક્ય બની છે. મુંબઈ સેન્ટ્રલ વિભાગના ડિવિઝનલ રેલવે મેનેજર પંકજ સિંહ અને SBI મુંબઈ મેટ્રો સર્કલની મુખ્ય મહાપ્રબંધક મંજુ શર્માએ ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલા એક ગંભીર કાર્યક્રમ દરમિયાન મૃત્યુ પામેલા કર્મચારીની પત્નીને ૧ કરોડનો ચેક સોંપ્યો. આ પ્રસંગે રેલવે અને બેન્કના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ ઈન્ડિયન રેલવે દ્વારા કર્મચારીઓ અને તેમના પરિવારોની કલ્યાણ અને આર્થિક સુરક્ષા પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# દેશમાં PNG નેટવર્ક મજબૂત કરવાની તૈયારી કરાઈ

### સરકારે રાજ્યોને નિર્દેશ આપ્યા છે કે પાઈપલાઈન ગેસ કનેક્શન માટેની નવી અરજીઓને હવે માત્ર ૨૪ કલાકની અંદર મંજૂરી આપવામાં આવે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭:દેશમાં વધી રહેલી એલપીજી સિલિન્ડરની માગ અને સપ્લાય પરના દબાણને જોતા કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભર્યું છે. સરકારે રાજ્યોને નિર્દેશ આપ્યા છે કે પાઈપલાઈન ગેસ કનેક્શન માટેની નવી અરજીઓને હવે માત્ર ૨૪ કલાકની અંદર મંજૂરી આપવામાં આવે. સરકારનો ઉદ્દેશ્ય વધુમાં વધુ લોકોને સિલિન્ડરના બદલે પાઈપલાઈન ગેસ તરફ વાળવાનો છે, જેથી ઘરેલુ ગેસ પરનું ભારણ ઓછું કરી શકાય. કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને પત્ર લખીને જણાવ્યું છે કે પાઈપલાઈન સાથે જોડાયેલા તમામ જૂના પેન્ડિંગ કેસોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે. આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે 'રોડ રેસ્ટોરેશન ચાર્જ' (રસ્તો ખોદ્યા બાદ રિપેરિંગનો ખર્ચ) માફ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત, કામમાં કોઈ અવરોધ ન આવે તે માટે દરેક રાજ્યમાં એક નોડલ ઑફિસરની નિમણૂક કરવાના આદેશ અપાયા છે.

પેટ્રોલિયમ મંત્રાલયે પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટતા કરી છે કે દેશમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલ-ડીઝલની ઉપલબ્ધતા સામાન્ય છે. પરંતુ LPG સપ્લાય પર થોડું દબાણ ચોક્કસ છે, પરંતુ ક્યાંય ડિસ્ટ્રીબ્યુટર પાસે ગેસ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો હોય તેવી સ્થિતિ નથી. મંત્રાલયે લોકોને અપીલ કરી છે કે ગભરાઈને એડ્વાન્સ બુકિંગ ન કરે અને શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન બુકિંગનો જ આગ્રહ રાખે. ગેસની કાળાબજારી રોકવા માટે સરકાર કડક હાથે કામ લઈ રહી છે. અત્યાર સુધીમાં દેશભરમાં ૧૨,૦૦૦ જેટલા દરોડા પાડીને આશરે ૧૫,૦૦૦ ગેસ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એકલા ઉત્તર પ્રદેશમાં જ દરોડા દરમિયાન ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

કોમર્શિયલ ગેસના સપ્લાયને જાળવી રાખવા માટે અને LPG પર નિર્ભરતા ઘટાડવા માટે સરકાર હવે કેરોસીન અને કોલસા જેવા વિકલ્પો પર ભાર મૂકી રહી છે. ગુજરાત, બિહાર, છત્તીસગઢ અને કર્ણાટક સહિતના રાજ્યોએ વધારાના કેરોસીન ફાળવણી માટેના આદેશો જાહેર કરી દેવામાં આવ્યા છે. એક ઉચ્ચ સ્તરીય સમિતિ સતત આ આખી સપ્લાય ચેઈનનું નિરીક્ષણ કરી રહી છે.

## હિમાચલમાં હિમવર્ષા, ૧૦ જિલ્લામાં એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : રાજ્યના અનેક વિસ્તારોમાં સતત પડી રહેલી બરફે રસ્તાઓને જાડા બરફના પડથી ઢાંકી દીધા છે, જેના કારણે અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. ખાસ કરીને રોહતાગ પાસ, મનાલી અને સીમલા જેવા પ્રવાસન સ્થળોએ સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે.

પ્રવાસીઓ આ હવામાનનો આનંદ માણવા આવ્યા હતા, પરંતુ અચાનક બદલાયેલા વાતાવરણને કારણે તેઓ મુશ્કેલીમાં ફસાઈ ગયા છે. અનેક સ્થળોએ પ્રવાસીઓ પોતાની કારોમાં કલાકો સુધી ફસાયેલા રહ્યા હતા. હિમવર્ષાને કારણે રસ્તાઓ ભીના થઈ ગયા છે અને ચીકાશ વધી ગઈ છે અને અનેક વાહનો સ્લિપ થવાની ઘટનાઓ પણ સામે આવી છે. પ્રશાસન અને પોલીસની ટીમો રાહત કામગીરીમાં લાગી ગઈ છે અને ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.હવામાન વિભાગે રાજ્યના ૧૦ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યુ છે. ભારે હિમવર્ષા અને ઠંડીને ધ્યાનમાં રાખીને લોકોને અનાવશ્યક મુસાફરીથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

## ૧ એપ્રિલથી હાઈવે પર સફર મોંઘુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : રાષ્ટ્રીય ધોરીમાર્ગ મુસાફરો માટે FASTag વાર્ષિક પાસ ફીમાં વધારો થવાનો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે FASTag વાર્ષિક પાસ ફી ?૩,૦૦૦ થી વધારીને ૩,૦૭૫ કરવાનો નિર્ણય લીધો છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય અનુસાર, નવી ફી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ ફેરફાર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી (નિર્ધારણ અને સંગ્રહ) નિયમો, ૨૦૦૮ માં નિર્ધારિત નિયમો અનુસાર છે.નવી ફી માન્ય FASTag થી સજ્જ બિન-વાણિજ્યિક, ખાનગી વાહનો પર લાગુ થશે. આ સુવિધા રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાષ્ટ્રીય એક્સપ્રેસવે નેટવર્ક પર સ્થિત દેશભરના આશરે ૧,૧૫૦ ટોલ પ્લાઝા પર ઉપલબ્ધ છે. મંત્રાલય અનુસાર, ખાનગી વાહન માલિકોમાં FASTag વાર્ષિક પાસનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. હાલમાં, દેશમાં ૫.૬ મિલિયનથી વધુ લોકો આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.

વાહન માલિકોને FASTag વાર્ષિક પાસ રિચાર્જ કરવાની જરૂર નથી. એકવાર ફી ચૂકવી દીધા પછી, પાસ એક વર્ષ માટે અથવા ૨૦૦ ટોલ પ્લાઝા ક્રોસિંગ સુધી માન્ય રહેશે. આ સુવિધા બધા બિન-વાણિજ્યિક વાહનો માટે ઉપલબ્ધ છે, જો વાહન પાસે માન્ય FASTag હોય.

## ભારતમાં આતંકવાદી કાવતરું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭ : રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ ભારત સામે આતંકી કૃત્યો કરવાનું કાવતરું ઘડવાના આરોપસર મોટી સફળતા મળવી છે. એજન્સીએ અલગ-અલગ એરપોર્ટ પરથી સાત વિદેશી નાગરિકોની ધરપકડ કરી છે, જેમાં છ યુક્રેનિયન અને એક અમેરિકન નાગરિકનો સમાવેશ થાય છે. આ શંકાસ્પદોની દિલ્હી, લખનઉ અને કોલકાતા એરપોર્ટ પરથી અટકાયત કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, આ મામલે મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાએ પણ વિધાનસભામાં ગંભીર વિગતો આપી હતી. તેમણે પુષ્ટિ કરી છે કે અમેરિકા અને બ્રિટન સહિતના વિદેશી નાગરિકો મિઝોરમ થઈને મ્યાનમાર જઈ રહ્યા છે. આ વ્યક્તિઓ આતંકીઓને શસ્ત્ર તાલીમ આપવામાં સામેલ હોવાનું અને તેમાંથી કેટલાક અગાઉ રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ જોડાયા હોવાના અહેવાલો મળ્યા છે.

## ઈરાનમાં ભારતના ગેટવે ચાબહાર બંદર પર અમેરિકાનો હવાઈ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭ : ઈરાન સાથેના યુદ્દ વચ્ચે પણ અમેરિકાના ફાઈટર જેટ્સે ચાબહાર બંદરની જોડેના લશ્કરી કેન્દ્ર પર હુમલા કર્યા છે. આ હુમલા ઈરાનના ચાબહાર બહારના ફ્રી ટ્રેડ ઝોન (સીએફઝેડ) પર કરવામાં આવ્યા છે. વોઈસ ઓફ અમેરિકાના એક સમાચાર મુજબ ઈરાનના પહાડોની વચ્ચે બનેલા ચાબહાર બંદરની જોડે મોટા વિસ્ફોટના અવાજ સાંભળવા મળ્યા છે. ભારત માટ આ બંદર એક સમયનું વ્યૂહાત્મક રોકાણ હતું. ભારતને ચાબહાર બંદરની મદદથી જ મધ્ય એશિયા જવા માટેનો રસ્તો મળે છે. ચાબહાર એવી જગ્યા છે જે ભારતને ઈરાનના રસ્તે અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપ સુધી પહોંચાડે છે. તે ભારતના પ્રાદેશિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોરને પણ જોડે છે. આ ઝોનમાં ૨૦ વર્ષ માટે છૂટની જોગવાઈ છે. ભારતે ૨૦૨૧માં ચાબહાર ફ્રી ટ્રેડ ઝોન દ્વારા એલ્યુમિનિયમ સ્મેલ્ટર્સથી લઈને યુરીયા પ્લાન્ટ બનાવવા માટે અબજો ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તે જ વખતે ભારત અને ઈરાન વચ્ચે એક સ્ટ્રેટેજિક પોર્ટને ચલાવવાનો કરાર પણ થયો હતો. આ પોર્ટ અફઘાનિસ્તાનના લોકોને માનવીય મદદ પૂરી પાડવા મુખ્ય કેન્દ્ર બની ગયું છે.ઈરાને દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની જોડેની ફ્યુઅલ ટેન્ક પર હુમલો કર્યો હતો. તેના કારણે ત્યાં મોટાપાયા પર આગ ફાટી નીકળી છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું સૌથી મોટુ અને સૌથી વ્યસ્ત ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. તેને આ હુમલાના લીધે વિશ્વનું અત્યંત વ્યસ્ત એરપોર્ટ બંધ કરી દેવું પડયું છે. જો કે આ હુમલામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

## ગુજરાતમાં ત્રણ વોલ્યુમમાં યુનિફોર્મ સિવિલ કોડનો ડ્રાફ્ટ અહેવાલ મુખ્યમંત્રીને સોંપાયો

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૧૭ :ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા-યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ તેનો વિસ્તૃત અને આખરી અહેવાલ ૧૭મીના મંગળવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને સુપરત કર્યો છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ, રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઈને લોક અભિ-ત્રાયો મેળવી, ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કર્યો છે. આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ સી.એલ. મીણા, વરિષ્ઠ એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે.

અત્યારે વિધાનસભા ખાતે રાજ્યનું બજેટ સત્ર ચાલુ છે અને આગામી એપ્રિલ-મે દરમ્યાન તાલુકા, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે રાજ્ય સરકાર આ સત્રના અંતિમ દિવસો દરમ્યાન આ અહેવાલને આધારે રાજ્ય સરકાર તેના વૈધાનિક અને કાયદાકીય સ્વરુપ આપવા માટે સમાન નાગરિક સંહિતા-યુનિફોર્મ સિવિલ કોડ-ર્ધ્ધ અંગેનું વિધેયક રજૂ કરીને તેને પસાર કરાવશે એમ મનાઈ રહ્યું છે. કાયદા વિભાગ અને સંસદીય બાબતોની વિભાગમાં પણ આ અંગે ગતિવિધિ તેજ થઈ હોવાનું જણાઈ રહ્યું છે.

મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે, લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે. વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે.

## અફઘાન પર પાક.ની એરસ્ટ્રાઈક: ૪૦૦ લોકોના મોતનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૧૭

એક તરફ ઈરાનમાં યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યાં બીજી તરફ ભારતના પડોશમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સંઘર્ષ સતત વધી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી પાકિસ્તાન વારંવાર અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા કરી રહ્યું છે. એવામાં હવે અફઘાનિસ્તાનનો દાવો છે કે પાકિસ્તાને કાબુલમાં એક હોસ્પિટલ સહિત રહેણાંક વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા છે. પાકિસ્તાનના આ હુમલામાં ૪૦૦ લોકોના મોત થયા છે. જ્યારે ૨૫૦થી વધુ ઈજાગ્રસ્ત છે. અફઘાનિસ્તાનના આરોગ્ય વિભાગના પ્રવક્તા શરાફત ઝમાને જણાવ્યું કે કાબુલમાં નશામુક્તિ કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતી એક હોસ્પિટલ પર હુમલો કરવામાં આવ્યો. આ હુમલામાં અનેક નિર્દોષોના જીવ ગયા છે. જોકે બીજી તરફ પાકિસ્તાનનો દાવો જુદો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ અફઘાનિસ્તાનના આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. પાકિસ્તાને કહ્યું છે કે હુમલા અત્યંત સચોટ હતા અને માત્ર સૈન્ય ઠેકાણાઓ તથા 'આતંકવાદી' ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જ નિશાન બનાવવામાં આવ્યા હતા, કોઈ પણ એવી જગ્યાને ટાર્ગેટ કરવામાં આવી નથી જ્યાં સામાન્ય લોકો રહેતા હોય.નોંધનીય છે કે પાકિસ્તાન એવો આરોપ લગાવતું રહ્યું છે કે અફઘાનિસ્તાનમાં હાજર અલગ-અલગ ઉગ્રવાદી સંગઠનો તેના દેશમાં હુમલા કરે છે. બીજી બાજુ, તાલિબાન સરકાર આ આરોપોનો ઈનકાર કરતી આવી છે. જે બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે દરરોજ સૈન્ય સંઘર્ષ થઈ રહ્યો છે. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે અફઘાનિસ્તાનને આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આગ્રહ કર્યો છે જેથી વિસ્તારમાં સ્થિરતા જળવાઈ રહે. ફેબ્રુઆરીના અંતથી બંને દેશો વચ્ચે હુમલા તેજ થયા છે અને આ અથડામણ હવે ત્રીજા સપ્તાહમાં પ્રવેશી ચૂકી છે. અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમના ખેલાડી મોહમ્મદ નબીએ પાકિસ્તાન તરફથી કાબુલ પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે. નબીએ કહ્યું છે, કે માતાઓ પોતાના પુત્રોના નામ પોકારતી હતી, તેમની રાહ જોતી રહી. રમઝાનની ૨૮મી રાત્રે તેમની જિંદગીઓ અધૂરી રહી ગઈ.

## એરસ્ટ્રાઈક મુદ્દે અફઘાનની પડખે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાબુલ,તા.૧૭ : અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આવેલી એક હોસ્પિટલ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા એરસ્ટ્રાઈકની ભારતે સખત શબ્દોમાં નિંદા કરી છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયે (MEA) આ હુમલાને 'બર્બર' અને 'કાયરતાપૂર્ણ' હિંસક કૃત્ય ગણાવ્યું છે. કાબુલના ઓમિદ નશામુક્તિ કેન્દ્ર પર થયેલા આ હુમલામાં કથિત રીતે ૪૦૦ લોકોના મોત થયા છે અને ૨૫૦ જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જે બાદ ભારતે પાકિસ્તાનના આ આક્રમક વલણ સામે આકરા પ્રહાર કર્યા છે.

ભારતે સ્પષ્ટપણે જણાવ્યું છે કે હોસ્પિટલ જેવી સંસ્થા, 'જેનો ઉપયોગ ક્યારેય સૈન્ય લક્ષ્ય તરીકે ન થઈ શકે, ત્યાં નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવા તે ઘોર અમાનવીયતા છે. પાકિસ્તાન આ નરસંહારને સૈન્ય અભિયાનનું નામ આપીને બચાવ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે અફઘાનિસ્તાનની સંપ્રભુતા પર હુમલો અને પ્રાદેશિક શાંતિ માટે મોટું જોખમ છે.'પાકિસ્તાનના વલણની આકરી ટીકા કરતા ભારતે જણાવ્યું કે, આ હુમલો ઈસ્લામાબાદની પોતાની આંતરિક નિષ્ફળતાઓ પરથી ધ્યાન ભટકાવવાનો અને તેના 'બિનજવાબદાર વર્તન'નો પુરાવો છે. શાંતિ અને કરુણાના પ્રતીક સમાન પવિત્ર રમઝાન માસમાં કરવામાં આવેલો આ હુમલો અત્યંત આઘાતજનક અને નિંદનીય છે. ભારતનું માનવું છે કે કોઈ પણ ધર્મ, નૈતિક મૂલ્યો કે આંતરરાષ્ટ્રીય કાયદો હોસ્પિટલના લાચાર દર્દીઓને નિશાન બનાવવાની પરવાનગી આપતા નથી. આ ઘટના પાકિસ્તાનની સરહદ પાર ફેલાઈ રહેલી હિંસક માનસિકતાને છતી કરે છે.

## શાંતિનો સમય નથી : ઈરાન

(જી.એન.એસ) તા. ૧૭

તેહરાન, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ મોજતબા ખામેનીએ અમેરિકા સાથે તણાવ ઘટાડવાના પ્રસ્તાવોને નકારી કાઢ્યા છે, જ્યારે ભારપૂર્વક જણાવ્યું છે કે તેહરાને અમેરિકા અને ઈઝરાયલને હરાવવા જ જોઈએ. મીડિયા સુત્રો એ મંગળવારે એક વરિષ્ઠ ઈરાની અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે તણાવ ઘટાડવા અથવા યુદ્ધવિરામ માટેના પ્રસ્તાવો બે મધ્યસ્થી દેશો દ્વારા તેહરાનને પહોંચાડવામાં આવ્યા હતા.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે તેમના પ્રથમ વિદેશી પોલીસ સત્રમાં, સુપ્રીમ નેતાએ અમેરિકા અને ઇઝરાયલ સામે બદલો લેવા માટે "ખૂબ જ કડક અને ગંભીર" વલણ અપનાવ્યું હતું. જોકે, તે સ્પષ્ટ નથી કે ખામેનીએ સત્રમાં વ્યક્તિગત રીતે હાજરી આપી હતી કે નહીં. ઈઝરાયલ કહે છે કે તેણે ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ્સના બાસીજ ફોર્સના વડાની હત્યા કરી છે દરમિયાન, ઈઝરાયલે મંગળવારે કહ્યું હતું કે તેણે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના બાસીજ ફોર્સના વડાની હત્યા કરી છે, અને એમ પણ કહ્યું હતું કે ઈરાનના સુરક્ષા વડા અલી લારીજાનીને એક હુમલામાં નિશાન બનાવવામાં આવ્યા હતા.ઈઝરાયલી સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને ઈરાની નેતાઓને "ગઈકાલે રાત્રે ખતમ કરી દેવામાં આવ્યા હતા" ઈઝરાયલી સૈન્યએ અગાઉ કહ્યું હતું કે તેણે સોમવારે એક હુમલામાં જનરલ ગુલામ રેઝા સુલેમાનીની હત્યા કરી હતી.

## ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ૧૨નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કૈરો, તા.૧૭

